પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૭૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૨-૧૧-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોંગ્રેસ વાળાનો અહંકાર તો જુઓ, કહે છે મોદીને ઔકાત બતાવી દઈએ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



સુરેન્દ્રનગર, પ્રધાનમંત્રી મોદીના ગુજરાત પ્રવાસનો આજે ત્રીજો દિવસ છે. આજે સુરેન્દ્રનગર જિલ્લાની દસાડા, લીંબડી, ચોટીલા, ધ્રાંગધ્રા અને વઢવાણ સહિતની પાંચેય બેઠકો જીતવા માટે જંજાવાતી પ્રચાર કર્યો હતો તેઓએ દુધરેજ રોડ પર જંગી જાહેર સભા સંબોધી હતી અહીં પીએમ મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યુ કે, લોકોએ જેમને સત્તામાંથી હટાવ્યા તે પદયાત્રા કરે છે. જેમણે ગુજરાતને તરસ્યુ રાખ્યું તે લોકો ખભે હાથ મૂકીને યાત્રા કરે છે. અમે ખાલી સપના જોતા નથી, સંકલ્પ કરીએ છે.

પીએમ મોદીએ કહ્યુ કે, કોંગ્રેસ વાળાનો અહંકાર તો જુઓ. કોંગ્રેસ કહે છે મોદીને ઔકાત બતાવી દઈએ. મારી કોઈ ઔકાત નથી. તમે મને નીચ કીધો, ગંદી નાળીનો કીડો કીધો, મોતનો સોદાગર કીધો. હું તો સામાન્ય પરિવારથી છુ. મારી કોઈ ઔકાત નથી. આ વખતે કમળ સિવાય કંઈ નહીં. રોળા નાખવાવાળાને ન લાવતા. હજુ મારે ઘણુ બધુ કરવું છે. વાર તહેવારે થતા અપમાન હું ગળી જાઉં છું કારણ કે, મારે આ દેશના ૧૩૦ કરોડ લોકોનું ભલું કરવું છે, મારે આ ભારતને વિકસિત ભારત બનાવવું છે. તમારું સુરેન્દ્ર અને હું નરેન્દ્ર અને આ ભૂપેન્દ્ર આ ત્રિવેણી સંગમ છે આપણો.

પીએમ મોદીએ કહ્યુ કે, ૨૪ કલાક વિજળી વાત કરી ત્યારે સવાલ થયા હતા. વિધાનસભામાં કોંગ્રેસના નેતાઓએ કહ્યુ હતુ કે શક્ય નથી. મેં કહ્યુ હતુ કે અધરા કામ કરવા માટે જ મને બેસાડ્યો છે. અધરા કામ કરું પણ છું અને કામ કરીને બતાવું પણ છું. કેનાલો થકી સુરેન્દ્રનગરને પાણીદાર બનાવ્યું છે. નર્મદા યોજનાનો સૌથી મોટો લાભ કોઈ જિલ્લાને મળશે એવું મેં કહ્યું હતું, એ સુરેન્દ્રનગર જિલ્લાને મળશે અને આજે એ લાભ તમને પહોંચી ગયો છે. આ જનમેદની બતાવે છે કે ભાજપની જીત નક્કી છે. ભાજપની વિજયયાત્રાને કોઈ રોકી શકે નહીં.


કોંગ્રેસના રાજમાં અગરિયાઓની ચિંતા નહોતી. તેમને પહેરવા માટે બુટ પણ નહોતા મળતા. અમારા આવ્યા પછી સ્થિતિ બદલાઈ. શિક્ષણની વ્યવસ્થામાં વધારો કર્યો. હવે ગુજરાતમાં જ એડમિશન મળી જાય છે. ગુજરાતમાં ૪ હજાર જેટલી કોલેજો બનાવી. ૨૦ વર્ષ પહેલા ક્લાસરૂમ નહોતા આજે સ્માર્ટ ક્લાસરૂમ છે. ગુજરાતમાં સ્પેશિયલ

### લોકોએ જેમને સત્તામાંથી હટાવ્યા તે પદયાત્રા કરે છે. જેમણે ગુજરાતને તરસ્યુ રાખ્યું તે લોકો ખભે હાથ મૂકીને યાત્રા કરે છે

યુનિવર્સિટીઓ બનાવી છે.જેમાં પીએમ મોદીએ રાહુલ ગાંધીનું નામ લીધાં વિના કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. પદ માટે યાત્રા કરનારાઓને કપાસ અને મગફળી કોને કહેવાય એની પણ ખબર નથી. એક જમાનો હતો ત્યારે ગુજરાતમાં સાઈકલ નથી બનતી આજે ગુજરાતમાં વિમાન બનવાના છે. આ ચૂંટણી પાંચ વર્ષ માટે ચૂંટણી નથી. આ ચૂંટણી તમારા જીવનના આગામી સોનેરી ૨૫ વર્ષ માટે છે.

પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસવાળા કહે છે મોદીને એની ઔકાદ દેખાડી દઈશું. તમે બધા રાજ પરિવારના છો, મારી કોઈ ઓકાદ નથી. તમે મને નીચ કહ્યો, મૌતનો સૌદાગર કીધો. મને ગંદીનાલીનો કીડો પણ કહ્યો. વિકાસની વાત કરવા આવો ઔકાદ બતાવવાના ખેલ રહેવા દો.પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યુંકે, જેમને દેશની જનતાએ પદ પરથી હટાવી દીધાં છે એ લોકો આજે પદ મેળવવા માટે પદયાત્રા કરી રહ્યાં છે. આજે મારું સૌભાગ્ય છેકે, આ ઝાલાવાડની ધરતી પર હેલિકોપ્ટરથી નીચે ઉતર્યો અને જિલ્લાના તપસ્વી સંતોના મને આશિર્વાદ મળ્યાં. સંતોએ હેલિપેડ પર આવીને આશિર્વાદ અને ભવ્ય વિજયની શુભકામના આપી. હું સંતોનો આભાર માનું છું. મને ખાત્રી છેકે, સંતોની વાણી ક્યારેય વામણી ન હોય એમના આશિર્વાદ ક્યારેય એળે ન જાય. ગયા બે દિવસથી ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ જવાનો અવસર મળેલો.. હું સીએમ હતો ત્યારે પણ સુરેન્દ્રનગરમાં હું છાશવારે આવતો હતો. જ્યાં જ્યાં મારી નજર પડે ત્યાં કેસરિયો સાગર દેખાય છે. આજ વાત બતાવે છે કે તમે ભાજપની સરકાર બનાવવાનું નક્કી કરી દીધું છે.મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, એન્ટીઈક્રમબન્સી આ શબ્દ સાંભળવા મળે. સરકારની વિરુદ્ધમાં મત પડે. પણ ગુજરાતની જનતાએ રાજકીય પંડિતોને ખોટા પાડ્યાં. ગુજરાતની જનતાએ નક્કી કર્યું છેકે, અમારે છાશવારે ઘર નથી બદલવું. તેથી ગુજરાતે પ્રોઈક્રમબન્સી આપી. કામ કરનારની સરકારને સાથ અને સહિયોગ અને સમર્થન આપી નવો રાજકીય ચિલો ચિતર્યો છે. આ વખતે પણ આ ચૂંટણી મોદી કે ભૂપેન્દ્રભાઈ નથી લડતા આ ચૂંટણી ગુજરાતની જનતા જનાર્દન લડી રહી છે. ગુજરાતની માતાઓ બહેનો લડી રહી છે. માં નર્મદાની યાદ આવે એ સ્વભાવિક છે. નર્મદા યોજનાનો સૌથી મોટો લાભ કોઈ જિલ્લાને મળશે એવું કહેલું એ પાળ્યું આજે સૌથી મોટો લાભ સુરેન્દ્રનગર જિલ્લાને મળ્યો છે.

## અંબાજીમાં ભક્તે મા અંબાના ચરણોમાં ૪૫૪ ગ્રામ સોનાના બિસ્કીટનું દાન આપ્યું



અંબાજી, બનાસકાંઠામાં આવેલા યાત્રાધામ અંબાજી ખાતે મા અંબાના ચરણોમાં એક ભાવિક ભક્તે ૪૫૪ ગ્રામ સોનાના બિસ્કીટની ભેટ સોનાના બિસ્કીટનું દાન કર્યું છે. મુંબઈના માઈ ભક્તે માતાજીના ચરણોમાં ૪૫૪ ગ્રામ સોનાના બિસ્કીટની ભેટ આપી છે અને નાના મોટા બિસ્કીટ સાથે ૪૫૪ ગ્રામ જેટલા સોનાનું દાન મંદિરને મળ્યું હતું. મંદિર ઈન્સ્પેક્ટર દ્વારા ભેટનો સ્વીકાર કરવામાં આવ્યો હતો દાતાએ પોતાની ઓળખ ગુપ્ત રાખી દાન કર્યું હતું. અંબાજી ખાતે વારંવાર ભાવિક ભક્તજનો દ્વારા માતાજીના ચરણોમાં દાન અર્પણ કરવામાં આવતું હોય છે.

શકિત,ભકિત અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલું છે. અંબાજી ખાતે ભક્તો મોટી સંખ્યામાં આવે છે,ત્યારે મોટી સંખ્યામાં ભક્તો દાન ભેટ આપતા હોય છે અને અંબાજી મંદિર ખાતે પણ ભક્તો દાનની સરવાણી કરી રહ્યા છે.

માઉન્ટ આબૂથી ૪૫ કિમીના અંતરે અંબે માતાની એક પ્રાચીન શક્તિપીઠ છે. આ મંદિર ગુજરાત અને રાજસ્થાનની સીમા પર આવેલું છે. આમાં માતા ભવાનીની કોઈપણ મૂર્તિ નથી, અહીં એક શ્રીયંત્રની સ્થાપના થયેલી છે. તેને એ રીતે બનાવાયેલું છે કે દર્શન કરનારને તેમાં માતાની પ્રતિમા જોવા મળે છે. આ મંદિરનું જીર્ણોદ્ધાર ૧૯૭૫માં શરૂ થયું હતું. જે હજી સુધી ચાલુ છે. સફેદ સંગેરમરમરથી બનેલું આ ભવ્ય મંદિર પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. આ મંદિરનું શિખર ૧૦૩ ફુટ ઊંચું અને તેના પર ૩૫૮ સ્વર્ણ કળશ સ્થાતપિત કરાયેલા છે. મંદિરથી લગભગ ૩ કિમીના અંતરે ગબ્બર નામનું પર્વત પણ છે, જ્યાં દેવીમાનું એક પ્રાચીન મંદિર આવેલું છે. એવું માનવામાં આવે છે કે આ પત્થર પર માતાના પદચિહ્ન તેમજ રથચિહ્ન બનેલા છે. અંબાજીના દર્શન પછી, શ્રદ્ધાળુઓ ગબ્બર પર્વત પર આવેલ આ મંદિરમાં જાય છે. દરવર્ષે ભાદરવા પૂર્ણિમા પર અહીં મેળા જેવું ઉત્સવ હોય છે. નવરાત્રીના અવસરે મંદિરમાં ગરબા અને ભવાઈ જેવા પારંપારિક નૃત્યોંનું આયોજન કરવામાં આવે છે.

## બિહારમાં શોભાયાત્રામાં ટ્રક ઘૂસી જતાં સાત બાળકો સહિત ૧૨ લોકોના મોત થયા

પટણા, બિહારના વૈશાલીના મેહનાર વિસ્તારમાં એક દર્દનાક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા સાત બાળકો સહિત ૧૨ લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થવાની આશંકા છે. પોલીસે રવિવારે આ જાણકારી આપી. રોડની બાજુમાં આવેલા મકાનને ટ્રક અથડાવાને કારણે આ અકસ્માત થયો હતો. રિપોર્ટ અનુસાર બિહારમાં એક જ દિવસમાં ત્રણ મોટા રોડ અકસ્માત થયા છે. સિવાનમાં બાઈક અને બોલેરો વચ્ચેની ભીષણ અથડામણમાં એક નિર્દોષે જીવ ગુમાવ્યો હતો. કહેવાય છે કે બાઈક પર ૬ લોકો સવાર હતા. આ બે દર્દનાક અકસ્માતો પછી, વૈશાલીમાં એક મોટો માર્ગ અકસ્માત થયો, જેમાં સાત નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા. ગયા મહિને, વૈશાલી જિલ્લામાં એક બસ પાર્ક કરેલી ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે, જ્યારે ૨૦ લોકો ઘાયલ થયા છે. આ ઘટના ૨૭ ઓક્ટોબરે હાજીપુરમાં બની હતી. અહેવાલો અનુસાર, ટ્રકમાં ખામી સર્જાયા બાદ તે રોડની કિનારે પાર્ક કરી દેવામાં આવી હતી. બસે કાબુ ગુમાવ્યો અને ટ્રક સાથે અથડાયા બાદ ઘટના બની હતી. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બિહારના વૈશાલી માર્ગ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો છે. અહીં એક બેકાબૂ ટ્રકે રસ્તાના કિનારે ચાલી રહેલા ઘણા લોકોને કચડી નાખ્યા, જેમાં ૧૨ લોકોના મોત થયા. રવિવારે રાત્રે બનેલા આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૭ બાળકોએ જીવ ગુમાવ્યો હતો. અકસ્માત થયો ત્યારે લોકો ધાર્મિક શોભાયાત્રા કાઢી રહ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ માર્ગ અકસ્માતમાં પોતાના પ્રિયજનોને ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. રાષ્ટ્રપતિ ભવન દ્વારા એક ટ્વીટમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિએ "આ અકસ્માતમાં તેમના પ્રિયજનો અને ઘાયલોને ગુમાવનારાઓના પરિવારના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી છે." આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વૈશાલીમાં થયેલા અકસ્માતમાં લોકોના મોત પર શોક વ્યકત કર્યો હતો. તેમણે "સ્ર્દ્રઈહ્લ (પ્રાઈમ મિનિસ્ટર નેશનલ રિલીફ ફંડ) માંથી જીવ ગુમાવનારા લોકોના નજીકના સંબંધીઓને ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ વૈશાલીમાં માર્ગ અકસ્માતમાં પોતાના પ્રિયજનોને ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. સીએમ નીતિશે પરિવારના સભ્યોને મદદ કરવાની જાહેરાત કરી છે.

## હવે મધર ડેરીએ દુધમાં રૂા. ૨ સુધીનો વધારો કર્યો

નવીદિલ્હી, મધર ડેરીએ દિલ્હી-એનસીઆરમાં ફુલ ક્રીમ દૂધના ભાવમાં લીટર દીઠ ૧ રૂપિયો અને ટોકન દૂધના ભાવમાં ૨ રૂપિયાનો વધારો કર્યોછે. નવા દરો આજથી લાગુ થશે. મધર ડેરીએ કહ્યું હતું કે ખર્ચમાં થયેલા વધારાને કારણે આ ભાવવધારો કરાયો છે. દિલ્હી-એનસીઆરમાં દરરોજ ૩૦ લાખ લીટરથી વધુ દૂધનો સપ્લાય કરતી મધર ડેરીએ આ વર્ષે ચોથી વખત દૂધના ભાવમાં વધારો કર્યો છે. કંપનીના પ્રવકતાએ જણાવ્યું હતું કે મધર ડેરીએ ફુલ ક્રીમ દૂધની કિંમતમાં ૧ રૂપિયાનો વધારો કરીને ૬૪ રૂપિયા પ્રતિ લીટર કર્યો છે.

જોકે, અડધા લિટર પેકમાં વેચાતા ફુલ ક્રીમ દૂધના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સોમવારથી ટોકનવાળા દૂધની કિંમત ૫૦ રૂપિયા પ્રતિ લીટર થશે. અત્યાર સુધી તે ૪૮ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાતો હતો. દૂધના ભાવમાં વધારો ઘરગથ્થુ બજેટને અસર કરશે કારણ કે આ સમયે ખોરાકનો ફુગાવો પહેલેથી જ ઉંચો છે. મધર ડેરીએ ભાવમાં વધારાનું કારણ દૂધ ઉત્પાદકો પાસેથી કાચા દૂધની ખરીદીના ખર્ચમાં વધારને જવાબદાર ઠેરવ્યો છે. પ્રવકતાએ કહ્યું હતું કે આ વર્ષે ડેરી ઉદ્યોગમાં દૂધની માંગ અને પુરવઠા વચ્ચે મોટો તફાવત જોવા મળી રહ્યો છે. કંપનીએ જણાવ્યું હતું કે ઘાસચારાની વધતી કિંમત અને અનિયમિત ચોમાસાને કારણે કાચા દૂધની ઉપલબ્ધતાને અસર થઈ છે. મધર ડેરીએ જણાવ્યું કે આ સિવાય પ્રોસેસ્ડ દૂધની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. પ્રવકતાએ જણાવ્યું હતું કે તહેવારોની મોસમ પછી પણ માંગ-પુરવઠાના તફાવતને કારણે કાચા દૂધના ભાવમાં વધારો થવા પામ્યો છે.

## જાજપુર રેલવે સ્ટેશન પાસે ગુડસ ટ્રેનના ડબ્બા પાટા પરથી ઉતરી પડતા ૨ લોકોના મોત, ૮થી વધુ ઘાયલ

ભુવનેશ્વર, જાજપુર કોરાઈ રેલવે સ્ટેશન પર આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર આ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે જ્યારે આઠથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આરપીએફ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમોને રાહત કાર્ય માટે તૈનાત કરવામાં આવી છે. ભુવનેશ્વરથી અકસ્માત રાહત ટીમ મોકલવામાં આવી છે. ડીઆરએમ અકસ્માત સ્થળ તરફ રવાના થઈ ગયા છે. અકસ્માત બાદ પોલીસે સમગ્ર સ્ટેશન પરિસરને કોર્ડન કરી લીધું છે. એવું માનવામાં આવે છે કે ટ્રેનના ડબ્બાની નીચે કેટલાક વધુ લોકો દટાયા હોવાની શક્યતા છે. પૂર્વોત્તર રેલવેના જનસંપર્ક અધિકારીએ કહ્યું છે કે આ એક દુઃખદ અકસ્માત છે. જેના કારણે આ દુર્ઘટના બની છે, તેની તપાસ કરવાની સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ અકસ્માત આજે સવારે ૬.૪૦ કલાકે થયો હતો. એક બેકાબૂ માલસામાન ટ્રેન પાટા પરથી ઉતરી અને ટિકિટ કાઉન્ટર સાથે અથડાઈ, પ્લેટફોર્મની ટોચ પર લોકોને કચડી નાખે છે. આ પછી એક પછી એક બોક્સ પલટી ગયા. સમાચાર લખાય છે ત્યાં સુધી બે લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે જ્યારે ૪ લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

## ગ્રીસમાં ૫.૫ની તીવ્રતાનો ભૂકંપ, સુનામીનું એલર્ટ, લોકોને ઉચ્ચ સ્થળોએ જવાની સલાહ

ગ્રીસ, સોમવારે ગ્રીસમાં ભૂકંપના આંચકા અનુભવાયા. ક્રેટમાં સોમવારે સવારે આવેલા ભૂકંપની તીવ્રતા ૫.૫ માપવામાં આવી હતી. જેના કારણે સુનામીની સંભાવના ઉભી થઈ છે. દરમિયાન, મોનિટરિંગ એજન્સીઓને દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા માટે કહેવામાં આવ્યું છે. લોકોને દરિયા કિનારેથી ઊંચા સ્થળોએ ખસી જવા માટે કહેવામાં આવ્યું છે. યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટરઅનુસાર, સોમવારે સ્થાનિક સમય અનુસાર સવારે ૧.૨૫ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. આ દરમિયાન ભૂકંપના આંચકા ઈજિપ્તમાં સિટિયાના ઉત્તર-પૂર્વમાં ૬૦ કિમી ૩૭ માઈલના અંતરે અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ ૮૦ કિમીની ઊંડાઈએ હતું.

**મત્સ્યોદ્યોગ કચેરી ગોધરાની ટેન્ડર બાબતની ટુંકી જાહેર નોટીસ**

ગોધરા મત્સ્યોદ્યોગ કચેરી દ્વારા તા.૧૮.૧૦.૨૦૨૨ થી આપેલ જાહેરાત અન્વયે મંગાવેલ ટેન્ડરો ખોલવાની તા.૨૪.૧૧.૨૦૨૨ રાખેલ. પરંતુ વિધાનસભાની ચુંટણી અચાર સંહિતાને ધ્યાને લઈ, હવે ટેન્ડર તા.૧૫.૧૨.૨૦૨૨ ના રોજ ખોલવામાં આવશે. જે સુધારો કરેલ છે. જે ધ્યાને લેવો.

(એ.કે. મેઘાતર)
મત્સ્યોદ્યોગ અધિક્ષક
ગોધરા

## આદિવાસીઓ હિન્દુસ્તાનના પહેલા અને અસલી માલિક છે : કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી



અમદાવાદ, સુરત જિલ્લાના મહુવા તાલુકાના અનવલના પાંચ કાકડામાં રાહુલ ગાંધીની જંગી સભાનું આયોજન થયું છે.સભામાં રાહુલનું અડધે સુધી ભાષણ ભરતસિંહે અનુવાદ કર્યું હતું. જેના બાદ તેઓએ હિન્દીમાં સંબોધન કર્યુ હતું,

તેમણે કહ્યુ હતું કે, આ પ્રેમ અને લાગણીની એક યાત્રા છે. કોઈ કોઈનો ધર્મ, જાતિ પુરુશ-સ્ત્રીને બદલે આખો માનવ સમુદાય અમારી સાથે ચાલે છે. સવારે ૬ વાગ્યાથી શૂર કરીને રાત્રે ૮ વાગે છે, પણ થાક લાગતો નથી. અહી પણ મને ગાડીમાં બેસાડવાનો પ્રયાસ કર્યો તો હું ચાલતો નીકળી પડ્યો. યાત્રીઓના પગ છોલાયા, બે યાત્રી શહીદ થયા, પણ યાત્રા ન રોકાઈ. હુ કહી શક્તો ન હતો કે કેટલો પ્રેમ અમને જનતાએ આપ્યો. હું આજે ગુજરાત આવ્યો, અને આ રસ્તો મહત્મા ગાંધીજીએ ગુજરાતથી ભારતની દિશા આપી હતી. હિન્દુસ્તાનને જોડવાનું કામ મહાત્મા ગાંધીજીએ કર્યું, જેઓ ગુજરાતી હતા. આ યાત્રામાં પણ તમારા વિચારો, તમારો ઈતિહાસ છે. યાત્રામાં ખુશી પણ થાય, અને દુખી પણ થવાય છે. દુખ ખેડૂતો, આદિવાસી, યુવાઓને મળીને તેમની સાથે વાત કરીને થાય છે. ખેડૂતોને યોગ્ય ભાવ મળતા નથી, પાક વીમાના રૂપિયા મળતા નથી, દેવુ માફ થતુ નથી. યુવા બેરોજગાર છે. તેમના સપના તૂટી રહ્યાં છે. કોઈ એન્જિનિયર બનવા માંગે છે, માતાપિતાએ રૂપિયા નાંખ્યા પણ તે મજૂરીકામ કરે છે. ગઈકાલે સાંજે રામ નામનો એક યુવક અમારી યાત્રામાં આવ્યો, મને ગળે વળગીને રડવા લાગ્યો. મેં પૂછ્યુ કેમ રડે છે. કહ્યું કે, કોરોના મારો આખો પરિવાર મરી ગયો. હું એકલો છું. હોસ્પિટલમાં મેં તબીબો સામે હાથ જોડ્યા, પણ તેઓએ મારા માતાપિતાને ન બચાવ્યા. મારા હાથમાં મારી માતાએ જીવ ગુમાવ્યો. હુ બેરોજગાર છું, મને રસ્તો દેખાતો નથી. આ યુવા એકલો નથી, આવા લાખો યુવા હિન્દુસ્તાનમાં છે. આદિવાસીઓની જમીન છીનવાઈ રહી છે. અમને પૂછ્યા વગર હટાવીને કોઈ અરબપતિ ઈન્ડસ્ટ્રિયાલિસ્ટને અમારી જમીન આપવામાં આવે છે. કોઈ વળતર મળતુ નથી. અમારી જમીન અમારી માતાને ઉદ્યોગપતિઓને હવાલે આપી દેવામાં આવી છે. તેથી તમે અનંત પટેલ માટે તાળી વગાડી, કારણ કે તે તમારા હક માટે લડી રહ્યાં છે.

આદિવાસી સમાજ સાથે મારા પરિવારનો ઘનિષ્ઠ સંબંધ છે. હું નાનો હતો ત્યારે દાદી ઈન્દિરાજીએ મને એક પુસ્તક આપ્યુ હતું. મને આદિવાસીઓ વિશે માલૂમ ન હતું. પુસ્તક હિન્દુ એક આદિવાસી બાળક નામે હતું. દાદીએ મને સમજાવ્યું, આદિવાસીઓ હિન્દુસ્તાનના પહેલા અને અસલી માલિક છે. જો તારે હિન્દુસ્તાન સમજવુ હોય તો આદિવાસીઓને તેમના જીવનને તેમનો સંબંધ જળ-જમીન સાથે હોય છે તેને સમજો. આદિવાસી એટલે જેઓ સૌથી પહેલા અહી રહેતા હતા. આ દેશના પહેલા માલિક તમે છે. તમારી પાસેથી આ દેશ લેવાયો છે. બીજેપીના લોકો તમને આદિવાસી નહિ, પરંતુ વનવાસી કહે છે. તેઓ એમ કહે છે કે તમે જંગલમાં રહો છો. મતલબ કે તેઓ એવુ નથી ઈચ્છતા કે તમે શહેરમાં રહો અને તમારા સંતાનો એન્જિનિયર-ડોક્ટર બને. તેઓ ઈચ્છે છે કે તમે જંગલમાં રહો. બીજેપી તમારી પાસેથી જંગલ છીનવવાનું કામ કરે છે. જો આ કામ ચાલુ રહ્યું, તો આગામી ૫-૧૦ વર્ષમાં આખું જંગલ તેમના બે-ત્રણ ઉદ્યોગપતિઓના હાથમાં જશે. પછી તમારી પાસે રહેવાની જગ્યા નહિ હોય.

આદિવાસી એટલે આ દેશ તમારો હતો, અને દેશમાં તમારે હક મળવો જોઈએ. તમારે સ્વાસ્થ્ય-શિક્ષણ મળવુ જોઈએ. વનવાસી એટલે જે તમારું છે, તે ઉદ્યોગપતિઓ આપી દેવાશે. તમે વનવાસી નહિ, પરંતુ આદિવાસી છો. આ દેશ તમારો છે, હતો અને રહેશે. આ દેશમાં તમારા જમીનની રક્ષા થશે.તેમણે કહ્યું, હું નાનો હતો ત્યારે મારી દાદીએ મને એક ચોપડી આપી અને મને જણાવ્યું કે આદિવાસીઓ ભારત દેશના પહેલા અને અસલી માલિક છે. આદિવાસીઓ સાથે મારો અને મારા પરિવારોનો બહુજ જૂનો પારિવારિક સબંધ છે. ભાજપ તમને આદિવાસી નહીં પણ વનવાસી કહીને તમારી ઓળખ ભુલાવી રહ્યા છે. ખેડૂતોનું દેવું માફ નથી થતું, યુવાનો બેરોજગાર છે.

રાહુલ ગાંધીએ કહ્યુ કે, હું ખેડૂતોને, આદિવાસીઓને, લોકોને પીડિતોને મળીને તેમની વાતો સાંભળીને દુખ થાય છે. ગઈકાલે મારી યાત્રામાં એક વ્યક્તિ આવ્યો અને રડવા લાગ્યો. તો કહે છે કે, કોરોનામાં મારું આખું પરિવાર જતો રહ્યો. ડોકટરોએ મારા માતાપિતાને બચાવ્યા નહીં. મારી માતાએ મારા હાથમાં દમ તોડ્યો. આ જ નહીં આવા લાખો યુવાનો દેશમાં છે.

# મહીસાગર જિલ્લાની ત્રણ બેઠક પર ચૂંટણી ચિત્ર સ્પષ્ટ કુલ ૨૨ ઉમેદવાર મેદાને

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં આવતી ત્રણ વિધાનસભા બેઠક માટે પાંચમી ડિસેમ્બરના રોજ મતદાન થવાનું છે. મહીસાગર જિલ્લાની ત્રણ બેઠકો મળી કુલ ૮.૧૪ લાખ મતદારો મત આપવાના છે ત્યારે આ મતદારો આગામી ૫ વર્ષ માટે પોતાના ધારાસભ્ય પદના ઉમેદવારને ચૂંટી શકે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા ઘડવામાં આવેલા કાર્યક્રમ મુજબ કુલ ૧૭ ડિસેમ્બર સુધી ઉમેદવારી ફોર્મ ભરવા મુદત આપવામાં આવી હતી. આ મુદત દરમિયાન પક્ષ–અપક્ષ સહિત ફોર્મ ભરવામાં આવ્યા હતા. જે પૈકી ચકાસણી દરમિયાન ડમી ઉમેદવાર તેમજ ભૂલ ભરેલા ફોર્મ રદ થાય હતા. ત્યાર બાદ સોમવારે સુધીમાં બપોરે ત્રણ વાગ્યા સુધીમાં ત્રણેય બેઠક પર ફોર્મ પરત ખેંચવામાં આવ્યા બાદ બેઠક મુજબ જોઈએ તો લુણાવાડા બેઠકમાં ૮ ફોર્મ પરત ખેચાયા હતા તો સંતરામપુર બેઠક માંથી ૬ અને બાલાસિનોર ૮ ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતા. મહીસાગર જિલ્લાની ત્રણેય બેઠક માટે હવે ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઇ ગયું છે. ત્રણે બેઠક માટે હવે ૨૨ દાવેદારો મેદાનમાં રહ્યા છે, જેમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી તેમજ બસપા અને અપક્ષ ઉમેદવારો વચ્ચે સીધો જંગ છેડાશે. ત્યારે લુણાવાડા બેઠક પર ૨૦૧૭ માં અપક્ષે વિજેતા મેળવી હતી જેથી આ વખતે પક્ષના મજબૂત ઉમેદવારોને લઈ ચર્ચાનો વિષય બન્યો હતો.

### લુણાવાડા વિધાનસભા-૧૨૨

૧. ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ - કોંગ્રેસ
૨. મકવાણા રમેશભાઈ સુંદરભાઈ - (બહુજન સમાજ પાર્ટી)
૩. સેવક જીગ્નેશકુમાર અંબાલાલ - ભારતીય જનતા પાર્ટી
૪. નટ પાર્વતીબેન પ્રભાતભાઈ - (અપક્ષ)
૫. નટવરસિંહ મોતીસિંહ સોલંકી - (આમ આદમી પાર્ટી.)
૬. ખાંટ શનભાઈ મોતીભાઈ - (અપક્ષ)
૭. જયપ્રકાશ પુરૂષોત્તમભાઈ પટેલ (જે.પી.) - અપક્ષ ડોલ
૮. પુષ્પા વિક્રમસિંહ માલીવાડ (ડામોર) - અપક્ષ

### બાલસીનોર વિધાનસભા-૧૨૧

૧. અજીતસિંહ પર્વતસિંહ ચૌહાણ - કોંગ્રેસ
૨. માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ - (ભારતીય જનતા પાર્ટી)
૩. ખાંટ અશ્વિનભાઈ રમણભાઈ - અપક્ષ
૪. ચૌહાણ ઉદેસિંહ રાયજીભાઈ - (આમ આદમી પાર્ટી)
૫. મગનસિંહ ભ્રમસિંહ પરમાર - ( અપક્ષ)
૬. કીરીટસીહ પ્રભાતસીહ ઝાલા - (અપક્ષ)
૭. ચન્દ્રસિંહ ફતેસિંહ ઝાલા - (અપક્ષ)
૮. નટવરસિંહ ફુલસિંહ ચાવડા - (અપક્ષ)

### સંતરામપૂર વિધાનસભા-૧૨૩

૧. ડાૅ.કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોર - (ભારતીય જનતા પાર્ટી)
૨. ગેંદાલભાઈ મોતીભાઈ ડામોર - (કોંગ્રેસ)
૩. પર્વતભાઈ અખમાભાઈ વાગડીયા - (આમ આદમી પાર્ટી)
૪. પ્રભુભાઈ જગજીવન ગણાસવા - (અપક્ષ)
૫. રમણભાઈ પુંજાભાઈ ખાંટ - (અપક્ષ)
૬. બાબુભાઈ હીરાભાઈ ડામોર - (અપક્ષ)

# સંતરામપુરના પ્રતાપપુરા વિસ્તારની ગંદકીને લઈ નિષ્ક્રિય બનેલ પાલિકા મુખ્યમંત્રીના કાર્યક્રમને લઈ ઢગલા હટાવ્યા


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરના પ્રતાપુરા વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી મહાકાળી મંદિરની બાજુમાં કચરાના ઢગલા હટાવવા માટે પાલિકા નિષ્ક્રિય બનેલી હતી, પરંતુ મુખ્યમંત્રી નું આગમન લઈને કચરાના ઢગલા હટાવવાની કામગીરી હાથ ધરી સંતરામપુર નગરના પ્રતાપપુરા વિસ્તારમાં ધાર્મિક સ્થળ કહેવાતું મહાકાળી મંદિર પાસે ગયા રોજ મોટી સંખ્યામાં સવારને સાંજ શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવતા હોય છે પરંતુ નજીકમાં ઢગલાના કારણે દુર્ગન ફેલાતી હોય છે અને ગંદકીનું સામ્રાજય જોવાયેલું હતું. આ બાબતની નગરપાલિકાના ચીફ ઓફિસર અને નગરપાલિકામાં ઘણીવાર શ્રદ્ધાળુ અને મંદિરના ટ્રસ્ટીઓ પણ સફાઈ માટે કહેવામાં આવવા છતાં એ કામગીરી કરવામાં આવતી ન હતી. આવા ધાર્મિક સ્થળો પાસે પણ પાલિકા પોતાની મનમાની ચલાવે છે સ્વચ્છતા રાખવામાં અને સફાઈ કરવામાં તેમની નિષ્કાળથી જોવાઈ રહેલી છે. જ્યારે સંતરામપુર પ્રતાપુરા વિસ્તારમાં આ મહાકાળી મંદિર પાસે જ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આવવાની જાણ થતાં જ પાલિકા તાત્કાલિક મંદિરની પાસે એક વર્ષથી પડી રહેલા કચરના ઢગલા હટાવવા માટે ચાલુ કરી દેવામાં આવેલી હતી પરંતુ સંતરામપુર પાલિકા શ્રદ્ધાળાનું કે આમ સામાન્ય વ્યક્તિની વાત સાંભળવા તૈયાર નથી. જ્યારે કોઈ ગુજરાતના મિનિસ્ટર આવે તો કોઈને વગર જ કામગીરી કરવા લાગી જાય છે, પાલિકા એ કચરના ઢગલાતા હટાવ્યા તેની બાજુમાં ગવર્મેન્ટ કોટરની પાછળ ખાલી કર્યા પરંતુ તેની જગ્યા બદલી નહીં. પાલિકા માત્ર સરકારને સારૂં લગાવવા કામ કરે છે. સંતરામપુરની સામાન્ય નાગરિકો માટે સફાઈ વેરો પાણી વેરો તમામ વેરો ભરે છે, તેમને સુવિધા આપવામાં પાલિકા નિષ્ફળ ગયેલી છે અને તેમની વાત રાખવા તૈયાર નથી.

# ચૂંટણી એટલે લોકશાહીમાં પોતાની હિસ્સેદારી નોંધાવાનો ``અવસર''

## પર્સન વીથ ડીસએબીલીટી નોડલ અધિકારીના અધ્યક્ષ સ્થાને ``દિવ્યાંગ મતદાન જાગૃતિ'' કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર, ``ચૂંટણી' એટલે લોકશાહીમાં પોતાની હિસ્સેદારી નોંધાવાનો ``અવસર''. આ અવસરમાં સમાજનો દરેક વર્ગ પોતાની હિસ્સેદારી નોંધાવે તે માટે ચૂંટણી પંચ દ્વારા નોંધપાત્ર પ્રયાસો કર્યા છે. સમાજના યુવા વર્ગથી લઈને જૈફ વયના મતદારો મતદાન થકી ચૂંટણી પર્વમાં જોડાઈને લોકશાહીના પાયાને વધુ મજબુત કરે તે માટે અનેક સુવિધાઓનું નિર્માણ કર્યું છે.

જે અનુસંધાને લોકશાહીના પર્વમાં મહીસાગર જિલ્લાના દિવ્યાંગજનો મતદાન થકી ૧૦૦ ટકા હિસ્સેદારી નોંધાવે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર ભાવિન પંડયાના માર્ગદર્શન હેઠળ બાલાસિનોર ખાતે પર્સન વીથ ડીસએબીલીટી નોડલ અધિકારીના અદયક્ષ સ્થાને ``દિવ્યાંગ મતદાન જાગૃતિ`` કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મતી રેણુકાબેનએ જણાવ્યું હતું કે, વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨માં દરેક નાગરિક મતદાન કરી શકે તે માટે ચૂંટણીપંચ દ્વારા અનેકવિધ વ્યવસ્થાઓનું આયોજન કરવામાં આવ્યું છે. ``મતદાન'' પણ અન્ય ``દાન''ની જેમ ઘણું પવિત્ર છે. ત્યારે સમાજના જવાબદાર નાગરિક તરીકે પ્રત્યેક વ્યક્તિએ અચૂક મતદાન કરવું જોઈએ. લોકશાહીના પર્વમાં દિવ્યાંગજનોના મતનું પણ એટલું જ મહત્વ છે. તેથી દરેક દિવ્યાંગ વ્યક્તિ મતદાન કરી શકે તે માટે ચૂંટણી પંચે આ વખતે મતદાન મથક સુવિધા પૂરી પાડવામાં આવશે. તો આ સુવિધાઓનો લાભ લઈને અચૂક મતદાન કરીએ.

# લુણાવાડા ખાતે ટુ વ્હિલર તથા ફોર વ્હિલર વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઇન હરાજી શરૂકરવામાં આવશે

મહહિસાગર, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, લુણાવાડા મહિસાગરની અખબારી યાદીમાં જણાવ્યાનુસાર મહિસાગર જિલ્લાની જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, આગામી નવા રજીસ્ટર થતા ટુ વ્હિલર(મોટર સાઇકલ) સીરીઝ GJ35-K, Gj35-L અને GJ35-M તથા ફોર વ્હિલર GJ35-h અને GJ35-N વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઇન હરાજી શરૂકરવામાં આવનાર છે. જેથી ઓનલાઇન હરાજીનો મહત્તમ લાભ લેવા જણાવવામાં આવે છે.

ઇ–ઓકશન પ્રક્રિયા ઓનલાઇન અરજી કરવાની તારીખ ૨૩/૧૧/૨૦૨૨ અને ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૫/૧૧/૨૦૨૨ સાંજે ૦૪:૦૦ કલાક સુધી રહેશે.ઈ–ઓકશન શરૂતારીખ ૨૬/૧૧/૨૦૨૨ અને ઈ–ઓક્શન સમાપ્ત તારીખ ૨૭/૧૧/૨૦૨૨ સાંજે ૦૪:૦૦ કલાક સુધી રહેશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે Https://vahan.parivehan.gov.in/fancy પર નોંધણી યુઝર આઇ.ડી અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીના પરિપત્ર ક્રમાંક નં.આઇ.ટી/પસંદગી નંબર/Online auction/૭૪૨૧ તા.૧૨/૧૦/૨૦૧૭ Appendix-A(આ સાથે સામેલ છે) ની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે અરજદારએ હરાજીની પ્રક્રિયા પુરી થયાના ૫ દિવસમાં બીડ અમાઉન્ટના નાણા જમા કરાવવના રહેશે.અ રજદાર જો આ નિયત મર્યાદામ નાણા ચૂકવવામાં નિષ્ફળ જશે તો મૂળ રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે જેમાં અરજદાર કોઇ વાંધો લઇ શકશે નહીં.અસફળ અરજદારએ રીફંડ માટે જે તે અરજદારના ખાતામાં SBI e-pay દ્વારા અત્રેની કચેરી દ્વારા પરતકરવામાં આવશે.

# વડાપ્રધાનની સલામતી કારણોસર તુક્કલ, ડ્રોન વગેરે ઉડાડવા ઉપર જિલ્લામાં પ્રતિબંધ

દાહોદ, દાહોદ જિલ્લામાં આગામી તા. ૨૩ નવેમ્બરના રોજ વડાપ્રધાન પધારવાના હોય જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. હર્ષિત ગોસાવીએ સલામતી કારણોસર તા. ૨૧ થી તા. ૨૩ નવેમ્બર સુધી દાહોદ જિલ્લામાં જમીનથી આકાશ તરફ તુક્કલ, ફુગ્ગા, પતંગ, વાવટા, ડ્રોન, સીન્થેટીક પ્લાસ્ટીક તેમજ અમુક કલરના કપડા હાથમાં લઈ ફરકાવવા–ઉડાડવા ઉપર પ્રતિબંધ મુકયો છે.

# ગોધરા શહેરમાં આદિવાસી સમાજના લોકોએ જિલ્લા કલેકટર દ્વારા આવેદનપત્ર ન સ્વીકારતાં મુખ્ય રસ્તો ચક્કાજામ કર્યો હતો



ગોધરા, ગોધરા શહેરમાં આવેલ જિલ્લા કલેકટર કચેરી બહાર આવેલ મુખ્ય રસ્તો આદિવાસી સમાજના લોકોએ જામ કર્યો હતો. શહેરાના ભુરખલ ગામે આદિવાસી સમાજના વ્યક્તિ પર હુમલો થતા તે અંગે કાર્યવાહી માટે કલેકટરને આવેદનપત્ર આપવા આવ્યા હતા. ભરવાડ સમાજના કેટલાક ઈસમોએ દાદાગીરી કરી આદીવાસી સમાજના દંપતી પર હુમલો કર્યો હોવાના આક્ષેપ, ગર્ભવતી મહિલા અને તેના પતિ પર હુમલો કર્યો હોવાના આક્ષેપ સાથે આદિવાસી સમાજે કલેકટર કચેરી સામેનો મુખ્ય રસ્તો પણ રોક્યો હતો. રસ્તો રોકતા સરકારી બસ સહિત અધિકારીઓના વાહનો પાછા વળ્યા હતા. પોલીસે યોગ્ય કાર્યવાહી ન કરી હોવાના આક્ષેપ સાથે પરિવાર સહિત આદિવાસી સમાજના લોકોએ ચક્કાજામ કર્યો હતો.

# દાહોદના કઠલા ગામની સગીરાને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ, દાહોદ તાલુકાના કઠલા ગામે એક ૧૬ વર્ષીય સગીરાને એક યુવકે લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૦૨ નવેમ્બરના રોજ મદયપ્રદેશના ઝાબુઆ જિલ્લાના કસલધરા ગામે રામપરી ફળિયામાં રહેતો રસિયાભાઈ હવલાભાઈ વહોનીયાએ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરા જ્યારે પોતાના ઘરેથી માળમાં ઘાસ લેવા ગઈ હતી ત્યારે ત્યાં ઉપરોક્ત યુવક મોટરસાઈકલ લઈ આવ્યો હતો અને સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂં મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ : મહિસાગરમાં રંગોળી દ્વારા મતદાર જાગૃતી અભિયાન




મહીસાગર, મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત મતદારોમાં મતદાન અંગે જાગૃતિ કેળવવા માટે મહિસાગર જિલ્લામાં સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી ભાવીન પંડયાના માર્ગદર્શન હેઠળ સો ટકા મતદાન માટે પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

લોકશાહીને મજબુત બનાવવા દરેક મતદારો પોતાની ફરજ બજાવીને અચુક મતદાન કરે તે માટે જાગૃતી લાવવા શાળાના વિદ્યાર્થીઓ પણ પ્રયાસો કરી રહ્યા છે. સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત મહીસાગર જિલ્લાની આર.ડી.ગાર્ડી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ મતદાન જાગૃતિની થીમ આધારીત રંગોળી બનાવવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈને વિવિધ રંગોળી દોરીને ``આવો મતદાન કરીએ'' તેવા સંદેશ પાઠવ્યા હતા.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને આગમનને લઈને તડા માંડ તૈયારી સંતરામપુર ૧૨૩ વિધાનસભાની ચૂંટણી અનુલક્ષી લઈ સભા સંબોધવા માટે અને મતદારો રિઝવવા માટે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સંતરામપુર પરતાપૂરા મેદાનમાં સભા સંબોધશે જેના અનુલક્ષી લઈને સરકારી તંત્ર દ્વારા નિરીક્ષણ કરવામાં આવેલું હતું.

# સીંગવડના મછેલાઈ ગામે રોડ ઉપર બોલેરોમાં લઈ જવાતો ૧ લાખ ઉપરાંતનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ, દાહોદ એલસીબી પોલીસે સીંગવડ તાલુકાના મછેલાઈ ગામે રોડ પરથી વોચ દરમ્યાન રૂા.. ૧લાખ ઉપરાંતની કિંમતના વિદેશી દારૂ સાથે નંબર વગરની બોલેરો ગાડી તથા મોબાઈલ ફોન વગેરે મળી રૂા. ૩,૧૦,૧૨૦ના મુદ્દામાલ સાથે એકની અટક કર્યાનું તેમજ એક નાસી ગયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર લીમખેડા તાલુકાના મોટીવાવ ગામના ભુરીયા ફળીયાના નરેશભાઈ રમણભાઈ ગણાવા તથા સીંગવડ તાલુકાના પહાડ ગામના હઠીલા ફળીયાના જસવંતભાઈ ઉર્ફે કટાળો માનસીંગભાઈ હઠીલા એમ બંને જણા વિદેશી દારૂનંબર વગરની બોલેરો ગાડીમાં ભરી લીમખેડા તરફ આવતા હોવાની દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીને આધારે દાહોદ એલસીબી મછેલાઈ ગામે રોડ પર એલસીબી પોલીસે જરૂરી વોચ ગોઠવી હતી. તે દરમ્યાન બાતમીમાં દર્શાવેલ નંબર વગરની બોલેરો ગાડી રોકી હતી અને ગાડી દુરથી જ નજરે પડતાં વોચમાં ઉભેલ એલસીબી પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાં જ પોલીસે તે ગાડી રોકી ગાડીની તલાસી લઈ ગાડી માંથી રૂા. ૧,૦૫,૧૨૦ની કુલ કિંમતની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ–૮૧૬ ભરેલ પેટીઓ નંગ–૨૪ પકડી પાડી ગાડીના ડ્રાયવર મોટીવાવ ગામના નરેશભાઈ રમણભાઈ ગણાવાની અટક કરી તેની પાસેથી રૂા. ૫૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન તથા સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂા. ૨ લાખની કિંમતની બોલેરો ગાડી મળી રૂા. ૩,૧૦,૧૨૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. જ્યારે ગાડીમાં બેઠેલ બહાડ ગામનો બળવંતભાઈ ઉર્ફે કટાળો માનસીંગભાઈ હઠીલા ગાડીમાંથી કુદી નાસી ગયો હતો. પોલીસે પકડાયેલ નરેશભાઈ રમણભાઈ ગણાવાને અત્રેની કચેરીએ લાવી પુછપરછ કરતા સદર માલ મછેલાઈ ગામના બુટલેગર દીલીપભાઈ બળવંતભાઈ લુહારે મંગાવ્યો હોવાનું જણાવતા પોલીસે આ મામલે મોટીવાવ ગામના નરેશભાઈ રમણભાઈ ગણાવા, પહાડ ગામના જસવંતભાઈ ઉર્ફે કટાળો માનસીંગભાઈ હઠીલા તથા મછેલાઈ ગામનો દીલીપભાઈ બળવંતભાઈ લુહાર વિરૂદધ રંધીકપુર પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ ખૂબ જ રચનાત્મક છે, આજે તમે જે પણ કામ ઉત્સાહથી કરો છો તે જ સમયે તેનું ફળ મળી શકે છે. અધૂરું કામ પૂર્ણ થશે, મહત્વની ચર્ચાઓ થશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે સારો છે. કાર્ય-વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. કેટલાક નવા પ્રોજેક્ટ પણ શરૂ થઈ શકે છે. મિલકતની બાબતમાં પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે. પરંતુ તમારે તમારા કામ પર ધ્યાન આપવું પડશે.

મિથુન : આજનો દિવસ ગ્રહોના વિશેષ સંયોગને કારણે શુભ રહેશે. સાંજ સુધીમાં બહુ રાહ જોવાતી ડીલ થઈ શકે છે. કોઈપણ નિર્ણય લેતા પહેલા કાળજીપૂર્વક વિચાર કરો. તમને વિશેષ સન્માન મળી શકે છે.

કર્ક : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે, પરંતુ ધર્મની બાબતમાં આજે તમે થોડો સમય કાઢશો. જો તમે આ દિવસે આવા કેટલાક કામ કરી શકો છો, તો દાન અને દાન સાથે જોડાયેલા રહો.

સિંહ : આ દિવસે દરેક કામ સાવધાનીથી કરવું જોઈએ. તમારા વર્તનમાં ધીરજ રાખો અને મોટા અવાજમાં બોલશો નહીં. તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષ ના થાય તેની કાળજી લો.

કન્યા : આજનો દિવસ અન્ય દિવસોથી થોડો અલગ છે. આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર રહેશે. તમે ધાર્મિક યાત્રા પર જવાનું વિચારી શકો છો. કાયદાકીય વિવાદમાં સફળતા મળશે અને સ્થળાંતરની યોજના સફળ થશે.

તુલા : આજનો દિવસ સારો છે. વેપારમાં જોખમ લેવાનું પરિણામ આજે લાભદાયી રહેશે. સમસ્યાઓ ધીરજ અને તમારા નરમ વર્તનથી સુધારી શકાય છે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને, તમે તે બધું મેળવી શકો છો જે તમે અત્યાર સુધી ગુમાવી રહ્યા છો.

વૃશ્ચિક : આજનો દિવસ ખૂબ જ રચનાત્મક છે. તમારો દિવસ કેટલાક સર્જનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં પસાર થશે અને આજે તમને ઓફિસમાં તમને સૌથી વધુ ગમતું કામ કરવા મળશે.

ધનુ : આજનો દિવસ દરેક બાબતમાં સાવચેત રહેવાનો દિવસ છે. ભલે તે સ્વાસ્થ્ય હોય કે પૈસા, તમારે બધામાં સમજદાર નિર્ણય લેવાની જરૂર છે. આબોહવા પરિવર્તન સમસ્યાનું કારણ બની શકે છે. ખાવામાં સાવ બેદરકાર ના બનો.

મકર : આજનો દિવસ તમારી રાશિના લોકો માટે સાવધાની અને સતર્કતાનો દિવસ છે. પૈસાની બાબતમાં આજે કોઈ પણ પ્રકારનું જોખમ ટાળો. આજે રોજગારના ક્ષેત્રમાં થઈ રહેલા પ્રયત્નો ફળ આપશે અને તમને મહેનતનું મધુર ફળ મળશે.

કુંભ : સંપત્તિ અને સમૃદ્ધિની દ્રષ્ટિએ આજનો દિવસ શુભ છે. આજે તમને આખો દિવસ લાભની તકો મળશે. પરિવારમાં દરેક વ્યક્તિ સાથે રહેશે અને મિત્રો સાથે તમે સાંજે પાર્ટી કરવાના મૂડમાં હશો.

મીન : આજનો દિવસ સામાન્ય છે. ભાગીદારીમાં કરવામાં આવતા વેપારમાં લાભ થશે અને આજે જીવનસાથી સાથે તમારી ખુશી વધશે. આજે તમને નોકરીના ક્ષેત્રમાં કરવામાં આવેલા પ્રયત્નોમાં પણ સફળતા મળવાની અપેક્ષા છે. ઘરના કામ પતાવવાની આજે સુવર્ણ તક છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લાની ૬ વિધાનસભા બેઠકો ઉપર ઉમેદવારી ફોર્મ પરત ખેંચતા ૩૫ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ જામશે

- દે.બારીયા એન.સી.પી., કોંગ્રેસના ગઠબંધન ઉમેદવાર ફોર્મ પરત ખેંચતા આપ અને ભાજપ વચ્ચે ટક્કર.
- દાહોદ જિલ્લામાં વિધાનસભા બેઠકો પર ફોર્મ પરત લેવાની પ્રક્રિયા પૂર્ણ : કુલ છ વિધાનસભા બેઠકો પર ૩૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં.

દાહોદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી હવે ધીમે ધીમે અંતિમ તબક્કામાં પ્રયાણ કરી રહી છે. ત્યારે દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ ૬ વિધાનસભા બેઠકો પર આજે ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખ પૂર્ણ થયાં બાદ કુલ ૩૫ ઉમેદવારો માન્ય ગણાતા હવે ચૂંટણીનો ચિત્ર સ્પષ્ટ થઈ જવા પામ્યો છે.

દાહોદ જિલ્લામાં ચૂંટણી દરમિયાન કુલ ૬૪ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી ત્યારબાદ ફોર્મ ચકાસણી અને રદ કર્યા બાદ કુલ ૪૫ ઉમેદવારો બાકી રહ્યા હતા. જોકે, આજે ફોર્મ પરત લેવાની અંતિમ તારીખ પૂર્ણ થયા બાદ દાહોદ જિલ્લાની કુલ છ વિધાનસભા બેઠકો પર કુલ ૩૫ ઉમેદવારો હવે ચૂંટણી મેદાનમાં પોતાનો નસીબ અજમાવશે. જેમાં બીજેપી, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, બસપા,કોમ્યુનિષ્ટ પાર્ટી તેમજ અપક્ષનો સમાવેશ થાય છે.

જેમાં દાહોદ વિધાનસભા બેઠક પર ૬ ઉમેદવારો, લીમખેડા વિધાનસભા બેઠક પર ૫ ઉમેદવારો, ફતેપુરા બેઠક પર ૭ ઉમેદવારો, ઝાલોદ બેઠક પર ૬ ઉમેદવારો, દેં.બારીયા બેઠક પર ૪ ઉમેદવારો, તેમજ કુલ ૭ ઉમેદવારો હવે માન્ય રહેવા પામ્યા છે.

૧૨૯ ફતેપુરા વિધાનસભામાંથી ૭ ઉમેદવારો પૈકી ભાજપના કટારા રમેશભાઈ, કોમ્પ્યુનીટી પાર્ટી ઓફ ઈન્ડિયાના કનુભાઈ કટારા, કોંગ્રેસના મછાર રઘુભાઈ, ભારતીય ટ્રાઈબલ પાર્ટીના અલ્કેશભાઈ કટારા, ગુજરાત નવ નિર્માણ સેનાના કિશોરી રાકેશભાઈ, આમ આદમી પાર્ટીના ગોવિંદભાઈ પરમાર અને ભારતીય જન પરિષદના મછાર વિરાભાઈ ચુંટણી લડનાર છે. ૧૩૦ ઝાલોદ વિધાનસભા બેઠક પરથી ભાજપના મહેશભાઈ ભુરીયા, કોંગ્રેસના મિતેશભાઈ ગરાસીયા, આમ આદમી પાર્ટીના અનિલભાઈ ગરાસીયા, ભારતીય ટ્રાઈબલ પાર્ટીના મનસુખભાઈ કટારા, અપક્ષમાંથી મોહનભાઈ સંગાડા અને હરિચંદ્ર મહિડા ચુટણી લડનાર છે. ૧૩૧ લીમખેડા વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસના ગોદિંયા રમેશકુમાર, કોમ્પ્યુનીટી પાર્ટી ઓફ ઈન્ડિયાના નીસરતા નિલેશભાઈ, ભાજપના ભાભોર શૈલેષભાઈ, આમ આદમી પાર્ટીના બારીઆ નરેશભાઈ અને અપક્ષમાંથી લક્ષ્મણસિંહ વડકીયા ચુંટણી લડનાર છે. ૧૩૨ દાહોદ વિધાનસભામાંથી ભાજપના કનૈયાલાલ કિશોરી, કોંગ્રેસના હર્ષદભાઈ નીનામા, બહુજન સમાજ પાર્ટીના મંડોડ વિનોદકુમાર, ભારતીય ટ્રાઈબલ પાર્ટીના મેડા દેવેન્દ્રભાઈ, આમ આદમી પાર્ટીના પ્રો. ડૉ. દિનેશભાઈ મુનીયા અને અપક્ષમાંથી કિશનભાઈ પલાસ ચુંટણી લડનાર છે. ૧૩૩ ગરબાડા વિધાનસભા બેઠકમાં કોંગ્રેસના ચંદ્રિકાબેન બારીયા, બહુચન સમાજ પાર્ટીના ભાભોર ધુળાભાઈ દિતાભાઈ, ભાજપના ભાભોર મહેન્દ્રભાઈ, ભારતીય નેશનલ જનતા દળના જગદીશભાઈ મેડા, ભારતીય ટ્રાયબલ પાર્ટીના ભાભોર રમસુભાઈ, આમ આદમી પાર્ટીના શૈલેષભાઈ ભાભોર અને અપક્ષમાંથી બામણયા કેતનકુમાર ચુંટણી લડનાર છે. ૧૩૪ દેવગઢ બારીઆ વિધાનસભા બેઠક પરથી ભાજપના ખાબડ બચુભાઈ, પ્રજા વિજય પક્ષના ચૌહાણ સામતસિંહ, આમ આદમી પાર્ટીના વાખળા ભારતસિંહ અને અપક્ષ માંથી પટેલ ભીમસીંગભાઈ ચુંટણી લડનાર છે. ત્યારે બીજી તરફ કોંગ્રેસના ગોપસિંહ લવારે આજે પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેતાં દેવગઢ બારીઆ વિધાનસભા બેઠક તેમજ જિલ્લાના રાજકારણમાં સ્તબ્ધતા છવાઈ ગઈ હતી. દેવગઢ બારીઆ વિધાનસભા બેઠકમાં હવે ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધો જંગ ખેલાશે જોકે ૨૧ લાખની વસ્તી ધરાવતા દાહોદ જિલ્લામાં કુલ ૧૫ લાખ ઉપરાંત મતદારો છે જેમાં યુવા અને મહિલા મતદારો નિર્ણાયક ભૂમિકા છે. ત્યારે ૨.૫૦ લાખ ઉપરાંત મતદારો ગુજરાત તરફ હિજરત કરી ગયા છે. જોકે, આ તમામ સમીકરણોની વચ્ચે દાહોદ જિલ્લાની કુલ છ વિધાનસભા બેઠકો પર આગામી પાંચમી ડિસેમ્બરના રોજ યોજાનારા મતદાનમાં કુલ ૩૫ ઉમેદવારોના ભાવિ ઈવીએમ મશીનમાં કેદ થશે અને આઠમી ડિસેમ્બરના રોજ પરિણામ આવ્યા બાદ દાહોદ જિલ્લાનો સીનેરીયો બહાર આવશે તેમાં કોઈ બેમત નથી.

# સ્ટેટ મોનિટરીંગ સેલની મહત્વપૂર્ણ સફળતાને દાહોદ જીલ્લા પોલીસ બરકરાર રાખી શકશે...?

દે.બારીયા,

ગુજરાત રાજયમાં પ્રતિવર્ષ રૂપીયા ૫૦૦ કરોડનો વિદેશી દારૂનો વેપલો કરનાર બુટલેગર જોગેન્દર પાલ શર્માને ગયા બુધવારની મધ્યરાત્રે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની બોર્ડર ઉપરથી ઝડપી પાડવામાં સ્ટેટ મોનીટરીંગ સેલને વિધાનસભાની સામાન્ય ચુંટણીના ટાંકણે ખુબ મોટી સફળતા મળી છે. પરંતુ આ સફળતાથી ગુજરાત પોલીસને મલકાવવાની જરૂર નથી. દારૂની હેરાફેરી રાત્રીમાં થતી હોય છે. જે પકડવામાં આવે છે. તેમાંથી અડધો અડધ દારૂ સગેવગે થઈ જતો હોય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. જેથી જે દારૂ પકડવામાં આવે તેનું વિડીયો રેર્કોડીંગ અવશ્ય થવો જોઈએ અને એ પણ એક તટસ્થ વિડયોગ્રાફી થી તો જ ગુજરાતમાં દારૂબંધીનો અમલવારી પરીપૂર્ણ થવા પામશે.

દાહોદ જીલ્લો બે રાજ્યો રાજસ્થાન અને મધ્યપ્રદેશને જોડતો સરહદી જીલ્લો હોવાથી આ બન્ને રાજ્યની બોર્ડર ઉપર ચાંપતી નજર સાથે ચેકપોસ્ટો ઉભી કરેલી તો હશે પરંતુ ચુંટણીનો મતદાન પહેલા ચાર–પાંચ દિવસો બાકી હોય ત્યારે મતદારોને રીઝવવા માટે દારૂની હેરાફેરી થતી હોય છે. જેથી દાહોદની બાહોશ પોલીસ આ બાબતે સચેત રહી તેમજ જીલ્લા ચુંટણી પંચ આચારસંહિતાનો ઉલ્લંઘન થતું હોય છે. રીતસર કવાટરીયા અપાતા હોય છે. મધ્યપ્રદેશ થી મીઠીબોર, સાગટાળા પોલીસ વિભાગ તમે આવતો વિસ્તારમાં હમણાં એક સપ્તાહ પહેલા પણ પોલીસ શું કરતી હતી. તે મોટો સવાલ ઉપસ્થિત થાય છે શું ? બુટલેગરો સાથે સાંઠગાંઠ તો નથી ને ગુજરાતમાં હરીયાણાનો દારૂ રાજસ્થાનના રસ્તે બાંસવાડા, ઝાલોદ અને લીમડીના રસ્તે આવતો હોય છે. સાગટાળા, મીઠીબોર, છોટાઉદેપુરના રસ્તે દારૂ ઘુસાડવામાં આવતો હોય છે. જ્યારે મહારાષ્ટ્ર માંથી દમણ, વાપી, વલસાડના રસ્તે આવતો હોવાની શંકા છે. આ તમામ બોર્ડરના ઉપર ઘનિષ્ટ ચેકીંગ સાથે તેને નિષ્ફળ બનાવવામાં આવે તો ગુજરાત રાજયની વિધાનસભાની ચુંટણી નિષ્પક્ષ રીતે યોજી શકાશે. તેમાં બે મત નથી પરંતુ ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો અમલ કડકાઈની સાથે અને પારદર્શીકા સાથે કરવો રહ્યો.

# મોરબી ઝુલતો પુલ તુટવાના કિસ્સામાં ગરબાડા તાલુકાના ત્રણ આદિવાસીઓને જેલ મુકત કરવા મજુર અધિકાર દ્વારા આવેદન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

મોરબીમાં થોડા દિવસો પહેલાં ઝુલતો પુલ તુટી પડતાં ૧૦૦ થી વધુ લોકોના મોત નીપજ્યાં હતાં. આ બનાવમાં પોલીસ દ્વારા કેટલાંક આરોપીઓની અટકાયત કરી હતી. જેમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ટુંકીવજુ અને કમાવીરા ગામના ત્રણ ગરીબ આદિવાસીઓ જેઓ ઝુલતા પુલ પર ફરજ બજાવતાં હતાં તેઓની પણ અટકાયત કરવામાં આવતાં આ મામલે મજુર અધિકારી મચ, દાહોદ દ્વારા આ ગરીબ અને નિર્દોષ મજુરોને જેલ મુક્ત કરવામાં આવે અને જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી સાથે આજરોજ મજુર અધિકારી મંચ, દાહોદ દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

તારીખ ૩૦મી ઓક્ટોમ્બરના રોજ મોરબીમાં ઝુલતો પુલ તુટવાથી ૧૩૫ જેટલા નિર્દોષ લોકો મોતને ભેટ્યો હતાં. આ ઘટનાને પગલે સમગ્ર ગુજરાત રાજ્ય સહિત ભારત દેશમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. આ ઘટનામાં કેટલાંક આરોપીઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. જેમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ટુંકીવજુ અને કમાવીરા ગામના ત્રણ આદિવાસી મજુરોની પણ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. જે સંદર્ભે આજરોજ મજુર અધિકારી મંચ, દાહોદ દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, ટુંકીવજુ અને કમાવીરા ગામના ત્રણ ગરીબ, નિર્દોષ આદિવાસી મજુરો અલ્પેશ ગલાભાઈ હોહિલ, દિલીપ ગલાભાઈ ગોહીલ અને મુકેશ દલસીંગભાઈ ચૌહાણની ધરપકડ કરવામાં આવેલ છે અને જેલના હવાલે કરવામાં આવેલ છે. આ ત્રણેય કામદારો નિર્દોષ છે. આ ત્રણેય કામદારોની સમારકામની કામગીરીમાં કોઈ ભુમીકા નથી. અલ્પેશ અને દિલીપ બે સગા ભાઈઓ છે. જ્યારે મુકેશભાઈની પત્નિ હાલમાં સદર્ભા છે. પોતાના પરિવારનું ભરણપોષણ અર્થે આ ત્રમેણ કામદારો બાળ વયે મોરબીમાં ઓરેવા કંપનીમાં મજુરીકામ કરતાં હતાં. દિવાળીની રજાઓ હોઈ કંપનીએ ઝુલતા પુલમાં કામગીરી સોંપી હતી. ગરીબ અને નિર્દોષ કામદારોને આરોપીઓ બનાવ કરતાં અસલી ગુન્હેગારોને પકડવામાં આવે તેમજ આ ત્રણ કામદારોને જેલ મુક્ત કરવામાં આવે તેની સાથે સાથે ધરપકડ કરનાર જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી અને માંગણી સાથે મજુર અધિકારી મંચ, દાહોદ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

# ફતેપુરા સહિતના વિવિધ વિધાનસભા વિસ્તારોમાં મતદાતાઓને લોકશાહીના પર્વમાં સામેલ થવા હાકલ કરતો અવસર રથ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

દાહોદ જિલ્લામાં અવસર રથ વિવિધ વિધાનસભા વિસ્તારોમાં લોકોને ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી થવા આહ્વાન કરી રહ્યો છે. જિલ્લામાં આજે અવસર રથ ફતેપુરા વિધાનસભા વિસ્તારના વિવિધ મતદાન વિસ્તારોમાં ફરીને લોકોને અવશ્ય મતદાન કરવા માટેનો સંદેશો આપ્યો હતો. અવસર રથ સાથે ઉપસ્થિત કર્મયોગીઓએ મતદાતાઓને લોકશાહીના મહાપર્વમાં એક એક મત બહુમૂલ્ય હોવાનું જણાવી જિલ્લામાં ચૂંટણી વિશેની માહિતી આપી હતી તેમજ મતદાન પ્રક્રિયા વિશે પણ સમજ આપી હતી. લોકો મતદાન પ્રક્રિયામાં સહભાગી થવા માટે સંકલ્પબદ્ધ થયા હતા.

જિલ્લાના વિવિધ વિધાનસભા મતદાન વિસ્તારો ખાસ કરીને ઓછું મતદાન થતું હોય એવા વિસ્તારોમાં લોકોને મતદાન આપવા માટે અવસર રથ થકી જાગૃત કરાઇ રહ્યાં છે. આજે ફતેપુરા વિધાનસભા મતવિસ્તારના વિવિધ વિસ્તારોમાં મતદાતાઓને જાગૃત કરવા માટે અવસર રથ ફરી રહ્યો છે અને વલુન્ડા, વલુંડી, વાંગડ, ટાઢીગોળી, મોટા નટવા, રાવળના વરણાં, આરવા, કંથાગર, ભોજેલા, કંસુમર ફળીયા, સરસ્વા, રૂપાખેડા, બલૈયા, નંદુકણી, પાટવેલ, આપતળાઇ પીપસરા સહિતના વિસ્તારોમાં અવસર રથ પહોંચીને મતદાતાઓને લોકશાહીના પર્વમાં સામેલ થવા હાકેલ કરી રહ્યો છે.

# દાહોદ જિલ્લાના આંતરરાજ્ય સરહદી વિસ્તારોમાં શાંતિ-સલામતી સાથે ચૂંટણીઓ યોજાઇ એ માટે બેઠક યોજાઇ



દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજાવા જઇ રહી છે. ત્યારે આંતરરાજ્ય સરહદી વિસ્તારોમાં શાંતિ, સલામતી અને પારદર્શકતા સાથે ચૂંટણી યોજાઇ એ માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં બાંસવાડા, અલીરાજપુર, જાંબુઆના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

કલેકટર ડો. હર્ષિત ગોસાવીએ અધિકારીઓને જિલ્લાના સરહદી વિસ્તારોમાં ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે યોજાઇ એ માટે સહયોગ કરવા જણાવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ સરહદી વિસ્તારોમાં શાંતિ બની રહે માટે ઉપસ્થિત પોલીસ અધિકારીઓને સહયોગ આપવા જણાવ્યંબ હતું. જેમાં નામચીન આરોપીઓને ઝડપવા, હથિયારના પરવાનેદારો પાસેથી હથિયાર જમા લેવા સહિતની બાબતોની વિગતે ચર્ચા કરવામાં આવી હતી. બાંસવાડા, અલીરાજપુર, જાંબુઆના ઉચ્ચ અધિકારીઓએ સરહદી વિસ્તારોમાં શાંતિપૂર્ણ રીતે ચૂંટણી યોજાઇ એ માટે સહયોગ આપવા માટે સહમતી દર્શાવી હતી. બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પ્રજાપતિ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને દાહોદ LCB પોલીસે પાંચ જેટલા બુટલેગરોને પાછા હેઠળ અટકાયત કરી જિલ્લા બહારની જેલોમાં મોકલ્યા

દાહોદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને દાહોદ જિલ્લા પોલીસ સજાગ બની છે. દાહોદ જિલ્લાની છ વિધાનસભા બેઠકો પર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે તેમજ પારદર્શક રીતે લોકશાહીનું પર ઉજવાય તે અંતર્ગત દાહોદ જિલ્લા પોલીસ સક્રિય બની અસામાજિક તત્વોને શાણસામા લેવા કમર કસી છે. ત્યારે મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સરહદી જિલ્લાઓ માંથી ગુજરાતમાં વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવા જેવી અસામાજિક પ્રવૃત્તિમાં સંકળાયેલા પાંચ બુટલેગરોને દાહોદ એલસીબીની ટીમે પાસા હેઠળ અટકાયત જિલ્લાની બહારની જેલમાં મોકલી દીધાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળેલ છે.

મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સરહદી જિલ્લા પર આવેલો દાહોદ જિલ્લામાં છેલ્લા લાંબા સમયથી વિદેશી દારૂની પ્રવૃત્તિની હેરફેરમાં સંકળાયેલા બુટલેગરોને કડક રીતે ડામી દેવા તેમજ આગામી વિધાનસભાની ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ શાંતિપૂર્ણ વાતાવરણમાં પારદર્શક રીતે લોકશાહીનું પર્વ ઉજવાય તે માટે પોલીસ તંત્ર દ્વારા છેલ્લા કેટલાય અસામાજિક પ્રવૃતીમાં સંકળાયેલા ગુનેગારોને ઝડપી લેવા એક્શનમાં આવી છે. ત્યારે સરહદી વિસ્તારોમાં વિદેશી દારૂની હેરફેરમાં છેલ્લા કેટલાય દિવસથી સંકળાયેલા દાહોદ જિલ્લાના પાંચ બુટલેગરોને દાહોદ એલસીબીએ સ્પેશિયલ ઓપરેશન પાર પાડી તેઓની પાસા હેઠળ અટકાયત કરી જિલ્લા બહારની જેલોમાં ધકેલી દીધા છે. એલસીબી દ્વારા પાસા કરાયેલા બુટલેગરોમાં ઝાલોદ તાલુકાના મુનખોસલાના (૧) અજયભાઈ રામુભાઈ ભાભોરને જામનગર, ગરબાડા તાલુકાના જેસાવાડાના (૨) મહેશભાઈ મડુભાઈ બારીયાને રાજકોટ, ધાનપુરના (૩) જયંતિભાઈ વરસીંગભાઈ ડામોર ને જામનગર,(૪) દેવગઢ બારીયા તાલુકાના ડાંગરિયા ગામના (૫) વિનોદભાઈ ગોરધનભાઈ પટેલને જામનગર તેમજ ધાનપુર તાલુકાના ખોખરા ગામના નિલેશભાઈ અભેસિંગ તડવીને ભુજ જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. આજરોજ દાઉદ એનસીપીએ વધુ પાંચ બુટલેગરોને પાસા હેઠળ અટકાયત કરી જિલ્લા બહારની જેલમાં મોકલી દેતા બુટલેગર તત્વોમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

# લીમખેડાના જેતપુર બંધ મકાનને દુકાન માંથી ૧૫ હજારની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના જેતપુર (દુ) ગામે એક બંધ ઘરમાં બનાવેલ દુકાનમાં તસ્કરોએ હાથફેરો કરી દુકાનમાંથી રોકડા રૂપીયા, કરિયાણાનો સામાન, મોબાઈલ ફોન તેમજ ઘરમાંથી સોના–ચાંદીના દાગીના મળી કુલ રૂા. ૧૫,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી ગયાંનું જાણવા મળે છે.

ગત તા.૧૩મી નવેમ્બરના રોજ લીમખેડા તાલુકાના જેતપુર (દુ) ગામે વાકડી ફળિયામાં રહેતાં અને પોતાના ઘરમાં કરિયાણાની દુકાન ધરાવતાં લાલુભાઈ કાળુભાઈ વડકીયાના બંધ મકાનમાં રાત્રીના સમયે અજાણ્યા તસ્કરોએ પ્રવેશ કરી મકાનનો દરવાજો ખોલી મકાનમાં મુકી રાખેલ તેમજ દુકાનમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૭,૦૦૦, સોનાની જડ નંગ. ૧, ચાંદીના કંઠી નંગ. ૧, બે મોબાઈલ ફોન, કરિયાણાનો સામાન વિગેરે મળી કુલ રૂા.૧૫,૦૦૦ની મત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો નાસી જતાં આ સંબંધે લાલુભાઈ કાળુભાઈ વડકીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પોલીસ દ્વારા બે દિવસમાં ૫૯ પ્રોહિબીશન કેસોમાં અટકાયત કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લામાં વિધાનસભાની ચુંટણી સંદર્ભે જિલ્લા પોલીસ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લામાં પ્રોહીબીશનના ગુન્હાઓને શોધી કાઢવા, નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડવા, વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા સહિતના અનેક ગુન્હાઓમાં કાર્યવાહી કરી રહી છે. પોલીસે છેલ્લા બે દિવસમાં પ્રોહીબીશનના ૫૯ કેસો, લાંબા સમયથી પેન્ડીંગ ૩૧ બિનજામીન લાયક વોરંટવાળા ઈસમોની બજવણી તેમજ અટકાયતી પગલાં પોલીસ દ્વારા લેવામાં આવ્યાં છે.

તારીખ ૧૯મી નવેમ્બરના રોજ પ્રોહીબીશનમાં જેમાં ગેરકાયદેસર પ્રોહીબીશનના કુલ કેસો– ૩૨, જેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂના કુલ– ૦૬ કેસો જેમાં કુલ બોટલો નંગ–૮૦૬, જેની કી.રૂ.૨,૬૭,૫૫૨/– તથા ગુનાના કામે વપરાયેલ બંન્ને વાહનની કી.રૂ.૩,૨૫,૦૦૦/– સાથે ભારતીય બનાવટનો વિદેશી પ્રોહી મુદ્દામાલ પકડી પાડેલ છે તથા દેશી દારૂના કુલ– ૨૨ કેસો , ૯૨ લીટર જેની કીંમત રૂપીયા –૧૮૪૦/–નો દેશી પ્રોહી મુદઘામાલ પકડી પાડેલ તથા ૦૫ કેસો પીવાના કરેલ છે. કતવારા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પોલીસે ઈગ્લીશદારૂની બોટલો નંગ–૫૮૮, કી.રૂ.૨,૪૨,૪૦૦/–તથા ગુનાના કામે વપરાયેલ વાહનની કી.રૂ.૩,૦૦,૦૦૦/– અને ૦૨– મોબાઇલ ફોન કી.રૂ.૧૦૦૦/– મળી કુલ કી.રૂ.૫,૪૩,૪૦૦/–નો પ્રોહી મુદ્દામાલ આ કામના આરોપીઓ નામે (૧) વિજયભાઇ રાજેન્દર જાતે.દાણેક, (૨) સુરેન્દ્ર રાજરૂપ જાતે.વાલ્મીકી બંન્ને રહે. તેજ કોલોની ગોવાણા રોડ રોહતક તા.જી.રોહતક (હરીયાણા) તથા ગુનાના કામે પાયલોટીંગ કરનાર આરોપી નં.(૩) હિતેષભાઇ ઠાકુર રહે.હરીયાણા નાને ખંગેલા ચેક પોસ્ટ ઉપરથી સ્થાનિક પોલીસના અધિકારી/ કર્મચારીઓ એ બાતમી આધારે વોચ ગોઠવી પકડી ગુનાના કામે હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે તેમજ ખુબ લાંબા સમયથી પેન્ડીંગ–૩૧ બિનજામીનલાયક વોરંટવાળા ઈસમોની બજવણી કરવામાં આવેલ છે તેમજ લીધેલ અટકાયતી પગલામાં સી.આર.પી.સી–૧૦૭ હેઠળ કુલ–૮૬ ઈસમો વિરૂધ્ધ અટકાયતી પગલા લીધેલ છે અને સી.આર.પી.સી–૧૫૧ હેઠળ કુલ–૧૧૩ અટકાયતી પગલા લીધેલ છે તથા સી.આર.પી.સી–૧૦૯ હેઠળ કુલ–૧૭ અટકાયતી પગલા લીધેલ છે તથા સી.આર.પી.સી–૧૧૦ હેઠળ કુલ–૧૫૬ અટકાયતી પગલા લીધેલ છે અને પ્રોહી–૯૩ ના હેડ હેઠળ કુલ–૭૭ મળી કુલ–૪૪૯ અટકાયતી પગલા લીધેલ છે. આવા અસામાજીક તત્વો વિરૂધ્ધ અસરકારક અટકાયતી પગલા લેવાની સારી કામગીરી દાહોદ જીલ્લા પોલીસે કરેલ છે.

તા.૨૦/૧૧/૨૦૨૨ ૨૪ કલાકમાં ગેરકાયદેસર પ્રવૃતીઓ કરતા ઈસમો વિરૂધ્ધ પ્રોહીબીશનના કુલ –૨૭ કેસો કરેલ છે. પ્રોહીબીશનમાં જેમાં ગેરકાયદેસર પ્રોહીબીશનના કુલ કેસો– ૨૭, જેમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂના કુલ– ૦૩ કેસો જેમાં કુલ બોટલો નંગ–૮૮૮, જેની કી.રૂ.૧,૧૩,૪૨૩/– તથા ગુનાના કામે વપરાયેલ વાહનની કી.રૂ.૩,૧૨,૦૦૦/– તથા મોબાઈલ ફોન કી.રૂ.૫૦૦૦/–સાથે ભારતીય બનાવટનો વિદેશી પ્રોહી મુદ્દામાલ પકડી પાડેલ છે તથા દેશી દારૂના કુલ– ૨૦ કેસો , ૮૨ લીટર જેની કીંમત રૂપીયા –૧૬૪૦/–નો દેશી પ્રોહી મુદઘામાલ પકડી પાડેલ તથા ૦૪ કેસો પીવાના કરેલ છે.

રણધિકપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રોહી ઈગ્લીશદારૂની પેટીઓ નંગ–૨૪ જેમાં બોટલો નંગ–૮૧૬, કી.રૂ. ૧,૦૫ , ૧૨૦/–તથા ગુનાના કામે વપરાયેલ વાહનની કી.રૂ.૨,૦૦,૦૦૦/– અને મોબાઈલ ફોન કી.રૂ.૫૦૦૦/– મળી કુલ કી.રૂ.૩,૧૦,૧૨૦/–નો પ્રોહી મુધ્ધામાલ આ કામના આરોપીઓ નામે (૧) નરેશભાઇ રમણભાઇ જાતે ગણાવા રહે મોટીવાવ ભુરીયા ફળીયું તા.લીમખેડા જી.દાહોદ.(૨) જશવંતભાઇ ઉર્ફે કટાળો માનસીંગભાઈ જાતે હઠીલા રહે પહાડ હઠીલા ફળીયું તા.સીંગવડ જી.દાહોદ. (૩) દિલીપભાઇ બળવંતભાઇ જાતે લુહાર રહે મછેલાઇ તા.સીંગવડ જી.દાહોદ નાને મછેલાઇ ગામ રોડ ઉપરથી જીલ્લા એલ.સી.બી.શાખા, દાહોદના અધિકારી/ કર્મચારીઓ એ બાતમી આધારે વોચ ગોઠવી પકડી ગુનાના કામે હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે તેમજ ખુબ લાંબા સમયથી પેન્ડીંગ–૨૮ બિનજામીનલાયક વોરંટવાળા ઈસમોની બજવણી કરવામાં આવેલ છે, તેમજ લીધેલ અટકાયતી પગલામાં સી.આર.પી.સી–૧૦૭ હેઠળ કુલ–૬૭ ઈસમો વિરૂધ્ધ અટકાયતી પગલા લીધેલ છે અને સી.આર.પી.સી–૧૫૧ હેઠળ કુલ–૯૭ અટકાયતી પગલા લીધેલ છે તથા સી.આર.પી.સી–૧૦૯ હેઠળ કુલ–૦૫ અટકાયતી પગલા લીધેલ છે તથા સી.આર.પી.સી–૧૧૦ હેઠળ કુલ–૧૧૭ અટકાયતી પગલા લીધેલ છે ૦૧ પાસાની દરખાસ્ત કરેલ અને પ્રોહી–૯૩ ના હેડ હેઠળ કુલ–૬૩ મળી કુલ–૩૫૦ અટકાયતી પગલા લીધેલ છે તેમજ જીલ્લામાં લાયસન્શ ધરાવતા હથિયારપરવાનેદારોના કુલ–૦૩ ના હથિયારો જમાં લેવામાં આવેલ છે. આવા અસામાજીક તત્વો વિરૂધ્ધ અસરકારક અટકાયતી પગલા લેવાની સારી કામગીરી દાહોદ જીલ્લા પોલીસે કરેલ છે.

# દાહોદ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) દાહોદની કચેરી હવેથી ઝાલોદ રોડ સ્થિત સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.) ખાતે કાર્યરત

દાહોદ,

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ), દાહોદની કચેરી જે અગાઉ રાઘવ હોસ્ટેલ, ગોદી રોડ ખાતે કાર્યરત હતી. તે હવેથી ખસેડીને સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિલ્લા સેવા સદન પાસે, ઝાલોદ રોડ, છાપરી દાહોદ ખાતે કાર્યરત કરવામાં આવી છે. કચેરીનો ફોન નં. ૦૨૬૭૩–૨૩૯૧૩૪ છે. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ) એમ.એમ. મન્સુરીએ નવા સરનામાની નોંધ લેવા એક યાદીમાં જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.77

# પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર ઉમેદવારી ફોર્મ પરત ખેંચતા સાથે ૩૮ ઉમેદવારો ચુંટણી જંગમાં ઉતરશે

ગોધરા,

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે રાજકીય પાર્ટીના ઉમેદવાર સિવાય અપક્ષના ઉમેદવારોએ પોતાના ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. આજ ૨૧ નવેમ્બરના રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે અપક્ષના ઉમેદવારો પરત ફોર્મ પરત ખેંચતા ચુંટણીની સ્થિતી સ્પષ્ટ થઈ છે. જીલ્લાની પાંચ બેઠકો ઉપર ૩૮ ઉમેદવારો ચુંટણી જંગમાં સીધો મુકાબલો થશે.

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર અનેક ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા અને ફોર્મ ચેકીંગ દરમિયાન ઉમેદવાર ફોર્મ રદ થતાં બાકી રહેલ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની ૨૧ નવેમ્બર છેલ્લી તારીખે અપક્ષ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી ફોર્મ પરત ખેંચતા હવે જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર ચુંટણી ચિત્ર સ્પષ્ટ થઈ છે. ગોધરા વિધાનસભા બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે સીધો મુકાબલા વચ્ચે અન્ય ૮ ઉમેદવારો પણ ચુંટણી મેદાનમાં હોય ત્યારે અપક્ષ ઉમેદવારો કયા પક્ષનો ખેલ પાડશે તો જોવું રહ્યું.

કાલોલ વિધાનસભા બેઠક ઉપર સૌથી વધુ ૧૧ ઉમેદવારો મેદાનમાં છે. તેમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો મુકાબલા સાથે ૯ અન્ય પાર્ટી અને અપક્ષના ઉમેદવારો કયા ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે બન્ને રાજકીય પાર્ટીને મતદારોને કળવા મહેનત સાથે અપક્ષો ખેલ ન બગાડે તે જોવું રહ્યું.

હાલોલ વિધાનસભા બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસ- આપ વચ્ચે ત્રિપાંખીયો જંગ રહેશે સાથે અન્ય ૬ અપક્ષ ઉમેદવારો પણ મેદાનમાં છે. ત્યારે કયા ઉમેદવારને નુકશાન કરશે તે જોવું રહ્યું.

શહેરા વિધાનસભા બેઠક ઉપર થી ૭ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. તેમાંથી ત્રણ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા શહેરા બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસ અને આપ પાર્ટી વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાશે. મોરવા(હ) બેઠક ઉપર ૪ ઉમેદવારો ચુંટણી જંગમાં ઝંપલાવ્યું છે. તેમાં મોરવા(હ) બેઠક ઉપર ભાજપ-કોંગ્રેસ અને આપ પાર્ટી વચ્ચે સીધો મુકાબલો રહેશે. જીલ્લામાં પાંચ વિધાનસભા બેઠકો ઉપર રાષ્ટ્રીય પાર્ટી સિવાયના પક્ષો અને અપક્ષો સહિત હાલ ૩૮ ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે કઈ રાષ્ટ્રીય પાર્ટીના ઉમેદવારનો ખેલ કોણ પાડશે તે જોવું રહ્યું.

## ૧૨૬ ગોધરા વિધાનસભા બેઠકોના ઉમેદવારો

૧. રશ્મિતાબેન દુષ્યંતસિંહ ચૌહાણ : - ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ
૨. સી.કે.રાઉલજી :- ભારતીય જનતા પાર્ટી
૩. રાજેશભાઈ સોમાભાઈ પટેલ : - આમ આદમી પાર્ટી
૪. રાઠોડ નટવરસિંહ હઠીસિંહ :- પ્રજા વિજય પક્ષ
૫. હશન શબ્બીર કાચબા :- ઓલ ઈન્ડીયા મજલિસ.એ. ઈત્તીહાદુલ મુસ્લીમીન
૬. કલંદર મોહમદ હનિફ અહેમદ સઈદ :- અપક્ષ
૭. પટેલ મયુરકુમાર જસવંતલાલ :- અપક્ષ
૮. બદામ મો. સઈદ યુસુફ :- અપક્ષ
૯. સૈયદ સફીકઅલી રાશીદઅલી :- અપક્ષ
૧૦.હસનૈન જકકીઉદ્દીન પ્રેસવાલા :- અપક્ષ

## ૧૨૭ કાલોલ વિધાનસભા બેઠકના ઉમેદવારો

૧. પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ :- ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ
૨. ફતેસિંહ વખતસિંહ ચૌહાણ :- ભારતીય જનતા પાર્ટી
૩. વાઘેલા સતિષકુમાર રમેશભાઈ :- બહુજન સમાજ પાર્ટી
૪. ચૌહાણ વિજયસિંહ મગનસિંહ :- ગરવી ગુજરાત પાર્ટી
૫. જયેશકુમાર શાન્તુભાઈ રાઠોડ :- પચ્ચાસી પરિવર્તન પાર્ટી
૬. જાદવ મહેન્દ્રસિંહ રામસિંહ :- લોકજનશકિત પાર્ટી
૭. ઠાકોર રામેન્દ્રસિંહ જશવંતસિંહ : પ્રજા વિજય પક્ષ
૮. દિનેશભાઈ કનુભાઈ બારીયા :- આમ આદમી પાર્ટી
૯. જાદવ દેવેન્દ્રસિંહ વાઘસિંહ :- અપક્ષ
૧૦. પૂનમચંદ મડાભાઈ હરીજન :- અપક્ષ
૧૧. વણકર ડાહ્યાભાઈ જેસીંગભાઈ :- અપક્ષ

## ૧૨૮ હાલોલ વિધાનસભા બેઠકના ઉમેદવારો

૧. અનિષભાઈ ગોરધનભાઈ બારીયા :- ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ
૨. જયદ્રથસિંહ પરમાર :- ભારતીય જનતા પાર્ટી
૩. નાયક સોમાભાઈ મેઘાભાઈ :- બહુજન સમાજ પાર્ટી
૪. ભરતકુમાર રાઠવા :- આમ આદમી પાર્ટી
૫. રાઠવા સેવજીભાઈ ભીલાભાઈ :- પ્રજા વિજય પક્ષ
૬. જાદવ મુકતીબેન રાજેન્દ્રસિંહ :- અપક્ષ
૭.પરમાર રેખાબેન રાજેન્દ્રસિંહ :- અપક્ષ

## ૧૨૪ શહેરા વિધાનસભા બેઠકના ઉમેદવારો

૧. આહિર (ભરવાડ) જેઠાભાઈ ઘેલાભાઈ :- ભારતીય જનતા પાર્ટી
૨. ખાતુભાઈ ગુલાબભાઈ પગી :- ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ
૩. તખતસિંહ રવસિંહ સોલંકી :- આમ આદમી પાર્ટી
૪. સુરેશભાઈ મીઠાભાઈ પરમાર :- ભારતીય જનતા પરિષદ

## ૧૨૫ મોરવા(હ) વિધાનસભા બેઠકના ઉમેદવારો

૧. ખાંટ સ્નેહલતાબેન ગોવિંદકુમાર :- ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ
૨. સુથાર નિમિષાબેન મનહરસિંહ :- ભારતીય જનતા પાર્ટી
૩. ભાણાભાઈ મનસુખભાઈ ડામોર :- આમ આદમી પાર્ટી
૪. મછાર ચંદ્રકાન્તભાઈ હિરાભાઈ :- પ્રજા વિજય પક્ષ

## જીલ્લાની ગોધરા અને કાલોલ બેઠક ઉપર રાષ્ટ્રીય પક્ષો સિવાયના પક્ષો અને અપક્ષ ઉમેદવારો ખેલ કયા પક્ષોનો ખેલ પાડશે

### હાલોલ ખાનગી સરસ્વતી શાળામાં

# મેનેજમેન્ટ સંભાળતા સરકારી શિક્ષકોએ જીલ્લા પ્રા.શિક્ષણ વિભાગની તપાસથી બચવા ખાનગી શાળાના સીસી ટીવી ફુટેઝ ડીલીટ કર્યા

- પ્રા.શિક્ષણાધિકારી ટીમ સરસ્વતી શાળાના સીસી ટીવી ચેક કરવા પહોંચી ત્યારે ફુટેઝ ડીલીટ મળ્યા.
- સરકારી શાળાના શિક્ષકો ખાનગી શાળા સાથે વ્યવહારોને ગુપ્ત રાખીને કાર્યવાહી થી બચશે ? કે બચાવાશે ?

ગોધરા,

હાલોલ તાલુકાની પ્રાથમિક શાળાના બે શિક્ષકો સરકારી નોકરી કરતા હોવા છતાં હાલોલની સરસ્વતી સ્કુલના મેનેજમેન્ટની કામગીરી સંભાળતા હોય અને પોતાની સરકારી ફરજ પ્રત્યે બેદરકારી સાથે ફરજવાળી સરકારી શાળાના બાળકોના અભ્યાસમાં રૂચી નહિ રાખતાં બાળકોના અભ્યાસને અંધકારમય બનાવી ખાનગી શાળાના મેનેજમેન્ટની કામગીરી થકી વધારાની આવક કરતા હોય આ બાબતે જીલ્લા શિક્ષણ વિભાગમાં અનેક રજુઆતો બાદ જીલ્લાના દૈનિક અખબારના અહેવાલના આધારે ગાંધીનગર પ્રા.શિક્ષણ વિભાગ અને જીલ્લા શિક્ષણાધિકારીની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને બન્ને શિક્ષકોની ફરજવાળી સરકારી શાળાઓ તેમજ ખાનગી શાળાના નિવેદનો લેવામાં આવ્યા હતા. જીલ્લા શિક્ષણાધિકારી અને ટીમ દ્વારા લેવામાં આવેલ નિવેદનોમાં બન્ને શિક્ષકોએ પોતે ખાનગી શાળા સાથે કોઈ વ્યવહાર ન હોવાનું કહેવામાં આવ્યું હતું. જેને આધારે માત્ર શિક્ષણ વિભાગ દેખાવ પુરતી કામગીરી કરીને મામલો રફેદફે કરવાની વેતરણ કરાઈ હતી.

હાલોલ ખાતે આવેલ સરસ્વતી સ્કુલમાં મેનેજમેન્ટની કામગીરી સંભાળતા સરકારી પ્રા.શાળાના શિક્ષકો ગુણવંત પટેલ અને વિરેન જોષીની શિક્ષણાધિકારી અને ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ વિભાગની ટીમ તપાસ થતાં નિશ્ચત બન્યા હતા પરંતુ બન્ને શિક્ષકો એ ભુલી ગયા કે તા.૨૬/૧૦/૨૦૨૨ના રોજ લાભ પાંચમના દિવસે હાલોલની ખાનગી સરસ્વતી સ્કુલ ખાતે પોતાના મેનેજમેન્ટના ધંધા માટે શાળાના ટ્રસ્ટી અને આચાર્યની હાજરીમાં ધંધાનું મુર્હત કર્યુ હતું. આ મુર્હતમાં બન્ને સરકારી શિક્ષકોની હાજરી શાળાના સીસી ટીવી માંથી મળી આવે તેમ હોય તેવા અહેવાલ પ્રસિદ્ધ કરતાં જીલ્લા શિક્ષણાધિકારી કચેરીની ટીમ સાથે સરસ્વતી સ્કુલ ખાતે પહોંચ્યા હતા. ત્યારે શાળા માંથી ૨૬/૧૦/૨૦૨૨ના રોજના સીસી ટીવી ફુટેજ મળી આવ્યા ન હતા. બન્ને શિક્ષકો દ્વારા ભવિષ્યમાં સીસી ટીવી ચેક થવાની સંભાવતા અથવા અખબારના પ્રસિદ્ધ થયેલ અહેવાલથી દયાનમાં આવતાં સીસી ટીવી ફુટેજ ડીલેટ કરી દેવામાં આવ્યા. બન્ને શિક્ષકો તપાસ અને કાયદેસર કાર્યવાહી માંથી બચવા હયાતીયા મારી રહ્યા છે. ત્યારે જીલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા કેવી કાર્યવાહી આ શિક્ષકો સામે કરે છે. તેની ઉપર સૌથી મીંટ મંડાઈ છે.

# હાલોલમાં કોંગ્રેસના નારાજ ઉમેદવારે અપક્ષ તરીકે ફોર્મ પરત ખેંચી આપમાં જોડાયા



હાલોલ,

વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી છે. તેમ તેમ રાજકીય પક્ષો વચ્ચે આંતરિક પક્ષા પક્ષી ઉભી થતી જોવા મળી રહી છે. હાલોલ બેઠક ઉપર કોંગ્રેસની ટિકિટ ન મળતા નારાજ થયેલા કોંગ્રેસના શહેર મહામંત્રીએ કોંગ્રેસનો સાથ છોડી અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવતા હાલોલમાં એક જોતા કોંગ્રેસનું સંપૂર્ણ પતન થયું હતું. આજે એજ કોંગ્રેસના નારાજ હોદ્દેદારો પૈકી કેટલાક આગેવાનોએ અપક્ષ ઉમેદવારી પરત ખેંચી હાથમાં ઝાડુ પકડી લેતા ચર્ચાઓ શરૂ થઈ છે. વધુ એક મુદ્દે રાજકીય હાલોલ કોંગ્રેસના કેટલાક કાર્યકરો અને હોદ્દેદારોએ કોંગ્રેસનો સાથ છોડી આજે આમ આદમી પાર્ટીનો સાથ આપતાં વધુ એક વખત કોંગ્રેસ ચર્ચામાં રહી છે. હાલોલ કોંગ્રેસ ઉપર ઉમેદવારની પસંદગીને લઈ કરોડોની સોદાબાજી કરવામાં આવી હોવાના આક્ષેપો કરી કોંગ્રેસનો સાથ છોડી દેનારા કાર્યકરોએ આજે આપમાં જોડાઈ અપક્ષ ઉમેદવારી તરીકે ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેતા અને આપનો સાથ આપતાં હાલોલ શહેરમાં સોદાબાજીને લઈ વધુ એકવાર ચર્ચાએ જોર પકડ્યું છે. હાલોલ કોંગ્રેસના કાર્યકરો આજે વડોદરા અરવિંદ કેજરીવાલને મળ્યા હતા અને વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ પ્રસંગે હાલોલ આમ આદમીના ઉમેદવાર પણ ઉપસ્થિત રહ્યા હતા. હાલોલ કોંગ્રેસ માંથી એકસાથે રાજીનામાં પડતા હાલોલમાં નાના-નાના કાર્યક્રમો દ્વારા કોંગ્રેસને જીવંત રાખનાર કાર્યકરોએ પંજો છોડી દેતા અત્રે પક્ષનું મરણ થયું છે. ત્યારે આ નારાજ આગેવાનોએ આપમાં જોડાઈને આપના ઉમેદવારને સમર્થન કર્યું છે. હાલોલ શહેરમાં કેજરીવાલના રોડ શો બાદ ઉભા થયેલા આ નવા સમીકરણો હાલોલના રાજકારણને નવી દિશા આપવા કેટલા સફળ કે સક્ષમ રહે છે તે જોવું રહ્યું.

# ગોધરા સ્વામીનારાયણ મંદીર સહજાનંદ સોસાયટીમાં પધારેલ નૌતમ સ્વામીએ હિન્દુ ધર્મનો જય જય કાર કર્યો



તસ્વીર : રાજેશ એસ. પટેલ, ગોધરા

ગોધરા,

ગોધરા સહજાનંદ સોસાયટીમા વડતાલ ધામથી પધારેલ શ્રી હરિકૃષ્ણ મહારાજના મંદિર થી પધારેલ સંતોમાં અખિલ વિશ્વ હિન્દુ પ્રદેશના અધ્યક્ષ સંતશ્રી નૌતમ સ્વામી પધારેલ હતા. તેઓનો આગમનમાં ગોધરામાં શ્રી સહજાનંદ સોસાયટી અને શ્રી સ્વામિનારાયણ મંદિર (ટાવરવાળું)નો હરિભકતો અને શ્રી કાછીયા પંચ જ્ઞાતિના આગેવાનો સંજયભાઈ પટેલ (એન્જીનિયર) તથા મિતેશભાઈ વાડીવાળા અને હરિપ્રસાદ (હરીભાઈ) અભિષેક પટેલ (કોન્ટ્રાકટર) તથા હરિકૃષ્ણભાઈ (વકીલ) દ્વારા નૌતમ સ્વામીનો ફુલહારથી સ્વાગત કરેલ હતું. તેનો સ્વામિશ્રીએ હરિભકતોને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે ભકિત કરવામાં અને કથા વાચન કરવામાં જણાવ્યું હતું. ત્યારબાદ નૌતમ સ્વામી દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ કરેલ કાર્યોમાં વડતાલ મંદિર અને એવાજ મંદિર પાવાગઢ માતાજીનું મંદિર તથા દ્વારકા અને અનેક યાત્રાધામના મંદિરો નરેન્દ્રભાઈના હસ્તે નવિન બનાવેલ હતા તેવું નૌતમ વામીએ જણાવ્યું હતું. શ્રી સહજાનંદ સોસાયટીમાં નૌતમ સ્વામી દ્વારા હરિભકતોને પંચ વડીલો દ્વારા નૌતમ સ્વામી દ્વારા સનાતન હિન્દુ ધર્મની જય જય કાર શ્રી સ્વામીનારાયણ મંદીરમાં નવીન ઈન્વેટરનું ઉદ્ઘાન નૌતમ સ્વામી દ્વારા કરવામાં આવેલ હતું સાથે હરિભકતો અને સત્સંગી ભાઈને સાથે સભાનું સંબોધન કરેલ હતું. શ્રી સહજાનંદ સોસાયટીમાં ગોધરાના સત્સંગી ભાઈઓ દ્વારા ભજન કિર્તનનું આયોજન કરેલ હતું. ઉપરોકત આ સભામાં ગોધરાના કાછીયા સમાજના જ્ઞાતિબંધુઓ અને સી.કે. રાઉલજીએ નૌતમ સ્વામીનું ફુલહારથી સ્વાગત કરેલ હતું. તેમાં ઉષ્માબેન પટેલ (કાઉન્સીલ) અને પીન્ટુભાઈ, જીતુભાઈ અને ભાજપના અગ્રણીઓ આ સભામાં હાજર રહેલ હતા. રાજેશ. એસ.પટેલ (એન.જી.ઓ.) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

# કડાણા ડાબા કાંઠા નહેર પિયત વિસ્તારની નહેર માંથી રવી મોસમ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે પાણી આપવા માટે અરજીઓ મંગાવવામાં આવી

ગોધરા,

કાર્યપાલક ઈજનેર, કડાણા વિભાગ નં ૧, દિવડા કોલોની હસ્તકની કડાણા જમણા કાંઠા નહેર તથા વરધરી સિંચાઈ તળાવ ખાતે ખરીફ સિંચાઈનો લાભ લેવા માગતા સિંચાઈ વિસ્તારના બાગાયતદારોને આથી જણાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ રવી મોસમ ૨૦૨૨-૨૩ માટે પાણી લેવા માટેની અરજીઓ સરકારએ નિયત કરેલ ફોર્મમાં સબંધિત સેકશન કચેરીએથી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં સરકાર વર્તમાન નિયમો મુજબ સંપૂર્ણ હકીકત પૂરેપૂરી ભરીને રજૂ કરવી. કોરા અરજી પત્રકો જે તે સેકશન ઓફિસેથી વિના મૂલ્યે ઉપલબ્ધ થશે. જે તે નહેર/માઈનોર વોટર કોર્સ પરના લાભિત બાગાયતદારોમાંથી ઓછામાં ઓછા ૫૦% બાગાયતદારોએ સિંચાઈનું પાણી મેળવવા અરજી કરી હશે તેવા નહેર/માઈનોર/વોટર કોર્સમાં જ સિંચાઈ માટે પાણી આપવામાં આવશે. જે તે નહેર પિયત વિસ્તારમાંથી જો ખૂબ જ ઓછા વિસ્તાર માટે પાણી મેળવવા અંગેની અરજીઓ આવશે તો તેવા વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવું નહીં તેવો નિર્ણય નહેર અધિકારીને આધિન રહેશે. જેની સિંચાઈકારોએ ખાસ નોંધ લેવી, જે તે નહેર મંડળી દ્વારા પાણી લેવા માટેની અરજી કરવામાં આવશે તેને પિયત માટે પાણી આપવા માટે પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે તેમજ પિયત મંડળીની રચના કરવા ઉત્સુકતા દર્શાવશે તે માઈનોર/સબમાઈનોરને પ્રાધાન્ય અપાશે આગોતર પિયાવાની બાકી રકમ પ્રથમ ભરપાઈ કરવાની રહેશે.

સિંચાઈનું પાણી સરકાર દ્વારા ધારા ધોરણ મુજબ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. પાછલા બાકી પિયાવાની રકમ નિયમોનુસાર ભર્યાબાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે,તેની બાગાયતદારોએ ખાસ નોંધ લેવી. સિંચાઈ માટે ઢાળિયાને વ્યવસ્થિત રીતે રાખવાની જવાબદારી સબંધિત ખાતેદારોની છે અને તે જો પાણી લેવાના સમય સુધીમાં સાફ થયેલ ન હોય તો પાણી વહેવડાવવાનું બંધ કરી શકાય છે. પોતાના ઢાળિયામાંથી બીજા ખેડૂતોને પાણી મળે તે હેતુથી પાણી વહેવા દેવું જોઈએ તે દરેક સિંચાઈકારની પ્રાથમિક રીતે પવિત્ર ફરજ છે. આમા બિનજરૂરી હસ્તક્ષેપ કે વિક્ષેપ કરવાનો પ્રયાસ કરનાર ઈસમ સામે કાયાદાકીય કાર્યવાહી થઈ શકે છે, જેની તમામ બાગાયતદારોએ નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે, રવી મોસમ ૨૦૨૨-૨૩ સિંચાઈ માટેનું પાણી તા.૧૫/૩/૨૦૨૩ સુધી આપવામાં આવશે,તે રીતે પાકોનું આયોજન કરવા વિનંતી છે, તેમ કાર્યપાલક ઈજનેર કડાણા, વિભાગ નંબર-૧ દીવડા કોલોનીએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# કાલોલ તાલુકાના વેજલપુરના રોહિતવાસના મતદારો વિફર્યા

## એક તરફ ચૂંટણીનું રણસિંગુ ફૂંકાય ગયું છે. ત્યારે બીજીતરફ વેજલપુર રોહિતવાસ અને ભોઈવાડમાં ચૂંટણી બહિષ્કારના બેનરો લાગ્યા




તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

એક તરફ ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીનું રણસિંગુ ફૂંકાય ગયું અને વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થય ચુકી છે અને તમામ પાર્ટી ઓ અને અપક્ષ ઉમેદવારો પોતાની વિધાનસભા બેઠક ઉપર થી ઉમેદવારી નોંધાવી દીધી છે. ત્યારે દરેક રાજકીય પક્ષો મતદારોને આકર્ષવા માટે એડીચોટીનું જોર લગાવી રહયા છે. ત્યારે વેજલપુર ગામના રોહિતવાસ અને ભોઈવાડના રહીશો દ્વારા ચૂંટણી બહિષ્કારના બેનરો લગાવવામાં આવ્યા છે અને બેનરોમાં લખવામાં આવેલ છે કે દેશ આઝાદ થયો ત્યાર થી લઈ અત્યાર સુધીમાં વેજલપુરની રૂપારેલ નદી ઉપર એક પણ ઉંચો બ્રિજ બનાવવામાં આવ્યો નથી અને રૂપારેલ નદીમાં ભયંકર ગંદકી છે અને રૂપારેલ નદીની સાફ સફાઈ કરવામાં આવતી નથી. જેથી રોગચાળો ફાટી નીકળે તેમ છે, તેવા લખાણવાળા બેનરો લાગતા હડકંપ મચી જવા પામી છે. બીજી તરફ ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીનું રણસિંગુ ફૂંકાય ગયું અને વિધાનસભાની ચૂંટણીની તારીખ અને દિવસના વેઢા ગણાય રહયા છે અને તમામ પાર્ટીઓ અને અપક્ષ ઉમેદવારો પોતાની વિધાનસભા બેઠક ઉપર થી ઉમેદવારી નોંધાવી દીધી છે. ત્યારે વેજલપુર ગામના રહીશો દ્વારા ચૂંટણી બહિષ્કારના બેનરો લગાવવામાં આવ્યા છે અને બેનરોમાં લખવામાં આવેલ છે કે, દેશ આઝાદ થયો ત્યાર થી લઈ અત્યાર સુધીમાં વેજલપુરની રૂપારેલ નદી ઉપર એક પણ ઉંચો બ્રિજ બનાવવામાં આવ્યો નથી અને રૂપારેલ નદીમાં ભયંકર ગંદકી છે અને રૂપારેલ નદીની સાફ સફાઈ કરવામાં આવતી નથી. જેથી રોગચાળો ફાટી નીકળે તેમ છે. તેવા લખાણવાળા બેનરો લાગતા હડકંપ મચી જવા પામી છે. પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ગામના રોહિતવાસ, ભોઈવાડા જવાના રસ્તા ઉપર સ્થાનિક રહીશો દ્વારા ચૂંટણીનો બહિષ્કાર કરતા બેનરો લગાવવામાં આવ્યા વાત કરીએ તો એક તરફ હાલ જયારે વિધાનસભાની ચુંટણીનું રણસિંગુ ફૂંકાઈ ગયુ છે અને ચૂંટણી પ્રચાર પ્રસાર પુર જોશમાં ચાલી રહ્યો ત્યારે હાલ ચૂંટણીના ગણતરીના દિવસો બાકી હોય ત્યારે કાલોલ તાલુકાના વેજલપુર ગામના રોહિત વાસ, ભોઈવાળા જવાના રસ્તા ઉપર ભરપૂર ગંદકીના કારણે લોકોને અવર જવર કરવામાં ખુબજ તકલીફનો સામનો કરવો પડે છે. ત્યારે સ્થાનિક રહીશોએ સંમતી કરી ચૂંટણી બહિષ્કારના બેનર લગાવીને વિરોધ નોંધાવેલ છે અને ત્યાંના રહીશો દ્વારા જાણવા મળેલ છે કે દેશ આઝાદ થયા પછી આજ દિન સુધી રૂપારેલ નદી ઉપર અવર જવર કરવા માટે ઊંચો બ્રિજ બનેલ નથી અને રૂપારેલ નદીમાં ભયંકર ગંદકી હોવાથી રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે અને રૂપારેલ નદીની સાફ સફાઈ કરવામાં આવતી નથી અને રૂપારેલ નદી ઉપર ઉર્દુ શાળા આવેલ છે. ત્યારે થોડા સમય પેહલા ઉર્દુ શાળાનો બાળક રૂપારેલ નદીના વહેણમાં તણાઈને મૃત્યુ પામ્યો હતો અને આ ભયંકર ગંદકી થી લોકો બીમાર પડે છે. તેથી અમો ચૂંટણી બહિષ્કાર કરીએ છીએ તેમ સ્થાનિક રહીશો દ્વારા જાણવા મર્યું હતું. તેના કારણે ચૂંટણી બહિષ્કાર કરી વિરોધ નોંધાવેલ છે, તેમજ કોઈ પણ રાજકિય પક્ષોએ કોઈ પ્રચાર કે વોટ માંગવા આવું નહિ તેવું પણ સ્થાનિક રહીશોએ જણાવ્યું હતુ અને તેઓ દ્વારા જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી તેમજ વેજલપુર ગ્રામ પંચાયતને અનેક વખત લેખિત તથા મૌખિક રજુઆત કરેલ છે. તેમજ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પણ ઘણીવાર આપવામાં આવેલ છે. તેમ છતાં કોઈ નિરાકરણ આવતું નથી અને કોઈ ઉચ્ચ કક્ષા થી તપાસ કરવામાં આવતી નથી. જેના કારણે ચૂંટણી બહિષ્કાર કરવામાં આવ્યો છે. ત્યારે ચૂંટણી બહિષ્કારના બેનરો લગાવતા માત્ર વિસ્તરણ અધિકારી તેમજ તલાટી કમ મંત્રી સ્થળ ઉપર આવી રોહિતવાસ વાલ્મીક સમાજ, પટેલ વાડા, ભોઈવાડા જવાના રસ્તા ઉપર ભયંકર ગંદકી જોયા પછી માત્ર રિપોર્ટ કરીને સ્થાનિક લોકોની સહીઓ કરાવીને ચાલ્યા ગયા હતા. જેથી સ્થાનિક લોકોની એવી માંગ ઉઠી છે કે, જિલ્લા કલેકટર જાતે તપાસ કરવા આવે તો દુધનું દૂધ અને પાણીનું પાણી થાય તેવું લોકો ઈચ્છી રહયા છે. જેથી હવે જોવાનું રહ્યું કે ન્યૂઝના એહવાલ બાદ તંત્ર દોડતું થશે કે પછી માત્ર દેખાવ પૂરતી ફાર્માલીટી કરવામાં આવશે કે પછી જવાબદાર તંત્ર સામે કાર્યવાહી કરી ચૂંટણીનો બહિષ્કાર કરનાર રહીશોને ન્યાય અપાવશે કે પછી કોઈ રાજકારણી આવી તેઓને સમજાવીને તેમના વિસ્તારના પ્રશ્નોનું નિરાકરણ લાવવાના બદલે તેઓને લોલી પોપ જેવા આશ્વાસનો આપીને ચૂંટણી બહિષ્કાર ના બેનરો હટાવાશે તે જોવાનું રહયું.